**આજનો સુવિચાર**

સાચું બોલનાર અને સીધુ ચાલનાર માણસ દુનિયાને હંમેશા કડવો લાગે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૦૦ જૂનાગઢ તા.૭-૮-૨૦૨૧ શનિવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ


## મુંબઈમાં અમિતાભ બચ્ચનનાં બંગલા અને ત્રણ રેલ્વે સ્ટેશનો ઉપર બોંબ મુકાયા હોવાની ધમકી : એલર્ટ

મુંબઈ તા.૭

દેશના વ્યાપારી પાટનગર મુંબઈને ફરી એક વખત બોમ્બથી ધણધણાવાની ફોન દ્વારા ધમકી મળતા સમગ્ર મુંબઈ પોલીસ ગતરાત્રીથી દોડતી થઈ ગઈ છે. ગતરાત્રીના ૮.૫૩ કલાકે મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમના ૧૦૦ નંબર ઉપર આવેલા એક અજાણ્યા ફોનમાં જુહુ સ્થિત અમિતાભ બચ્ચનના બંગલા ઉપરાંત ત્રણ મુખ્ય રેલ્વે સ્ટેશન, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મીનસ (સીએસટી), ભાયખલા અને દાદર રેલ્વે સ્ટેશન ઉપર બોમ્બ મુકાયાની ધમકી મળી હતી અને તુર્ત જ મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમ ઉપરથી સમગ્ર મહાનગર તથા રેલવે પોલીસને એલર્ટ કરી બોમ્બ વિરોધી સ્કવોડ રવાના થઈ હતી અને મહત્વના તમામ સ્થળો ઉપર એલર્ટ જાહેર કરી દેવાયુ હતું તથા કેન્દ્રીય પોલીસ દળને પણ સાબદા કરી દેવાયા હતા.

બોમ્બ વિરોધી સ્કવોડે બીગબીના તમામ ત્રણ બંગલા ઉપરાંત ત્રણેય રેલ્વે સ્ટેશનના ખુણા ખુણાની તપાસ કરી હતી પણ કોઈ શંકાસ્પદ ચીજ મળી ન હતી તેની આ ફોન ફક્ત હેવોક સર્જવા જ કરાયો હોવાનું જણાવતા પોલીસે હવે ફોન ટ્રેસ કરી તે કરનારની ઓળખ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. જો કે કાલેપુરી રાત મુંબઈ પોલીસના તમામ ટોચના અધિકારીઓ ફિલ્ડમાં આવી ગયા હતા. તમામ વી.વી.આઈ.પી. તથા ભીડભાડવાળા સ્થળો ઉપર બંદોબસ્ત મુકી દેવામાં આવ્યો હતો. રેલ્વે પ્રોટેકશન ફોર્સ પણ સ્ટેશનની આસપાસના વિસ્તારોમાં તપાસ લંબાવી હતી. મુંબઈમાં ૨૬/૧૧નો હુમલો સૌથી મોટો ત્રાસવાદી હુમલો બની રહ્યો હતો પણ તે બાદ વધેલી સુરક્ષાના કારણે મહાનગર શાંત બની રહ્યું છે પણ હવે ફરી એક વખત બોમ્બની ધમકીની મહાનગરમાં ભયનું લખલખું પસાર થઈ ગયું છે.

## ટોકયો ઓલિમ્પિક : આજે ભાલા ફેંક સ્પર્ધામાં નિરજ ચોપરા પાસે ઈતિહાસ સર્જવાની તક

ટોક્યો તા. ૭

ટ્રેક એન્ડ ફિલ્ડ ઈવેન્ટ્સ એટલે કે એથ્લેટિક્સ કોઈપણ ઓલિમ્પિક ગેમ્સનું મુખ્ય આકર્ષણ છે, પરંતુ આજ સુધી કોઈ ભારતીય ખેલાડી આ ઈવેન્ટ્સમાં મેડલ જીતી શક્યો નથી. બ્રિટિશ ભારત તરફથી રમતા નોર્મન પ્રિટચાર્ડે વર્ષ ૧૯૦૦ના ઓલિમ્પિકમાં એથ્લેટિક્સમાં બે મેડલ જીત્યા હતા, પરંતુ તેઓ અંગ્રેજ હતા, ભારતીય નહીં. ત્યારે જેવલિન થ્રોઅર (ભાલાફેંક) નીરજ ચોપરા આજે ભારતની ૧૨૧ વર્ષની પ્રતીક્ષાનો અંત લાવી શકે છે.

હાલમાં નીરજ શાનદાર ફોર્મમાં છે. તેણે ટોક્યો ઓલિમ્પિકમાં જેવલિન થ્રો (ભાલાફેંક)ની ક્વોલિફાઈંગ ઈવેન્ટમાં ૮૬.૬૫ મીટર થ્રો કર્યો હતો. તેણે ગ્રુપ-સી અને ગ્રુપ-બી માં મળીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. નીરજનું વ્યક્તિગત શ્રેષ્ઠ ૮૮.૦૬ મીટર છે. આ થ્રો સાથે તેણે ૨૦૧૮ એશિયન ગેમ્સનો ગોલ્ડ મેડલ જીત્યો હતો. જો નીરજ ફાઈનલમાં આ પ્રદર્શનનું પુનરાવર્તન કરશે તો મેડલ જીતવાની નીરજની તકો ઘણી વધી જશે.

## ગુજરાત સરકાર દ્વારા આજે વિકાસ દિવસની ઉજવણી

### રૂા. ૫૩૦૦ કરોડનાં વિકાસ કામોનું લોકાર્પણ - ખાતમુર્હુત : વતનપ્રેમ યોજનાનો શુભારંભ : ડીસા ખાતે દેશનાં સૌથી લાંબા એલિવેટેડ બ્રીજનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર તા. ૭

ગુજરાતમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી સરકારનાં પાંચ વર્ષ પુર્ણ થવાના અવસરે ગુજરાત સરકાર દ્વારા છેલ્લા એક સપ્તાહથી વિકાસ કાર્યોની ઉજવણી કરવામાં આવી રહીછે તે શ્રૃંખલાનાં ભાગરૂપે આજે રાજય સરકાર દ્વારા વિકાસ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જે સંદર્ભમાં આજે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રીનાં અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં રાજય સરકાર દ્વારા રૂા.૫૩૦૦ કરોડનાં વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગૃહમંત્રી અમિત શાહ પણ વર્ચ્યુઅલ જોડાયા હતા. આજે વિકાસ દિવસની ઉજવણીમાં ઉત્તર ગુજરાતનાં ડીસા ખાતે નિર્માણ પામેલા દેશનાંસૌથી લાંબા એલિવેટેડ બ્રીજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું તેમજ અમદાવાદનાં એસ.જી. હાઈવે ઉપર બે બ્રીજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજયભરમાં આજે ૪૧ સ્થળે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાંઆવ્યું છે. આજે વિકાસ દિવસનિમિત્તે ગુજરાત સરકાર દ્વારા વતનપ્રેમ યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. તેમજ મેડીકલ ક્ષેત્રમાં અનામત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે અમિત શાહે વર્ચ્યુઅલી સંબોધન કરતા કહયું કે, ગુજરાતમાં કોરોના કાળમાં પણ વિકાસ કામો ચાલુ રહયા છે. તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

### ૨૦૦૮થી પણ ખરાબ હાલત થવાની વિશ્વનાં જાણીતા ઈન્વેસ્ટમેન્ટ ગુરૂ જિમ રોઝર્સની આગાહી

## ૨૦૨૧નાં અંત સુધીમાં શેરબજારનો ફુગ્ગો ફુટી જશે

મુંબઈ,તા.૭

વિશ્વમાં જાણીતા ઈન્વેસ્ટમેન્ટ ગુરૂ જિમ રોજર્સે આગાહી કરી છે કે શેરબજારનો ફુગ્ગો ૨૦૨૧ના અંત સુધીમાં ફુટી જશે. તેમણે તો ત્યાં સુધી કહ્યું છે કે આ કરેકશન એટલું મોટું હશે કે માર્કેટની હાલત ૨૦૦૮ કરતાંય ખરાબ થશે. એક વાતચીતમાં રોજર્સે જણાવ્યું હતું કે, આખી દુનિયામાં શેરબજાર હાલ આસમાને છે. વિશ્વની દરેક મધ્યસ્થ બેંકોએ કોરોનાકાળમાં ભરપૂર નાણુ છાપ્યું હોવાથી બજારોમાં અભૂતપૂર્વ તેજી જોવા મળી રહી છે. તેમણે કહ્યું હતું કે તે માર્કેટના ટાઈમિંગ અંગે તેઓ કંઈ કહી ના શકે, પરંતુ એટલું નક્કી છે કે આવનારા થોડા જ મહિનામાં આ ફુગ્ગો ફુટવાનો છે. કારણકે આવું પહેલા કયારેય નથી થયું. જિમ રોજર્સે જણાવ્યું હતું કે, ચીનના માર્કેટમાં હાલ સમસ્યા દેખાવાનું શરુ થઈ ગયું છે, બીજા કેટલાક માર્કેટમાં પણ સમાન સ્થિતિ જોવા મળી રહી છે. તેમના અંદાજ અનુસાર, ૨૦૨૨માં કે પછી ૨૦૨૧ના અંતમાં શેરબજારમાં ભયાનક મંદી આવશે. હાલ વૈશ્વિક અર્થતંત્રમાં દેવાનું પ્રમાણ ખૂબ જ ઉંચું છે, જેનું પ્રમાણ ૨૦૦૮ કરતા પણ વધારે છે. હવે પછી માર્કેટમાં મંદીનો જે તબક્કો આવશે તે અંદાજ ના લગાવી શકાય તેવો હશે. શું તમને આ વાતનો અંદાજ આવી ગયો છે, તેવા સવાલના જવાબમાં રોજર્સે જણાવ્યું હતું કે, કોઈકે તો આપણને કહેવું પડશે કે શું થઈ રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, હું માનું છું કે શેરબજાર પડશે, બીજા પણ કેટલાક લોકો માને છે કે આમ થશે પરંતુ પત્રકારો તેમ માનવા તૈયાર નથી. !!

## ભારતમાં આઈએસ આતંકવાદી મોડયુલનો પર્દાફાશ : અનેક રાજયોમાં દરોડા : ૧૦ ઝડપાયા

નવી દિલ્હી તા. ૭: ઉત્તર પ્રદેશ એટીએસ દ્વારા અલકાયદાના આતંકવાદી મોડયુલને જાહેર કરવા અને તેની સાથે સંકળાયેલા આતંક્વાદીઓની ધરપકડ કર્યાપછી હવે સુરક્ષા એજન્સીઓએ ઈસ્લામિક સ્ટેટ (આઈએસ) સાથે સંકળાયેલા મોડયુલનો પર્દાફાશ કર્યો છે. છેલ્લા એક મહિનામાં જમ્મુ-કાશ્મીર, કર્ણાટક અને કેરળમાં ૨૧ જગ્યાઓએ પડાયેલ દરોડાઓમાં ૧૦ આતંક્વાદીઓની ધરપકડ કરી છે. સુરક્ષા એજન્સીઓ કેટલાક શકમંદોની પૂછપરછ પણ કરી રહી છે. સુરક્ષા એજન્સીઓ અનુસાર લગભગ એક વર્ષ પહેલા ભારતમાંસક્રિય આઈએસ મોડયુલ અંગે માહિતી મળી હતી.

સુરક્ષા એજન્સીના એક સીનીયર અધિકારીએ કહ્યું કે, આ આતંકવાદીઓ 'ક્રોનિકલ ફાઉન્ડેશન'ના નામથી એક ઈન્સ્ટાગ્રામ ચેનલ ઉપર મોટી સંખ્યામાં આઈએસની દુષ્પ્રચાર સામગ્રી મુકી રહ્યા હતા. આ ચેનલના વિશ્વભરમાં ૫૦૦૦ સક્રિય સભ્યો હતા. સુરક્ષા એજન્સીઓએ બોગસ નામથી સક્રિય તેના સભ્યોની તપાસ શરૂ કરી તો કર્ણાટકના મેંગ્લોર અને બેંગ્લોરની સાથે સાથે જમ્મુ-કાશ્મીરના શ્રીનગર અને બાંદીપુરામાં તેમના લોકેશનની ખબર પડી હતી.

ધીમેધીમે આ આતંકવાદીઓની ઓળખ કરવામાંઆવી અને આ વર્ષે માર્ચમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ કેસ નોંધીને કાર્યવાહી શરૂ કરી. તપાસમાંએ પણ જાણવા મળ્યું કે તેમાંથી કેટલાય આતંકવાદીઓ આઈએસના કબ્જાવાળા સીરીયા, ઈરાક અને અફઘાનિસ્તાન જવાની તૈયારી કરી રહ્યા હતા. તેમાંથી કેટલાક તો એપ્રિલ ૨૦૧૯માં ઈરાનના રસ્તે અફઘાનિસ્તાન જવાનો પ્રયત્ન પણ કરી ચૂકયા હતા.

## શાળાઓ ખોલી નાખો : સંસદીય સમિતિએ ભલામણ કરી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૭

સંસદની એક સમિતિએ એક વર્ષથી વધુ સમય સુધી સ્કુલો બંધ થવાના કારણે છાત્રોની તબીયત ખાસ કરીને માનસિક સ્વાસ્થ્ય ઉપર ઉંડી અસર પડવાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે કોરોના પ્રોટોકોલનું કડકાઈથી પાલન કરી સંતુલીત દષ્ટિકોણ સાથે સ્કુલો ખોલવામાં આવે.

સંસદીય સમીતીએ દરેક છાત્રો, ટીચર્સ, સંબંધીત કર્મચારીઓ માટે રસી કાર્યક્રમોમાં ઝડપ લાવવા, બે પાળીમાં વર્ગ ચાલુ કરવા, નિયમિત થર્મલ તપાસ, દરેક સ્કુલમાં તાલીમ બદ્ધ કર્મચારીઓ સહિત બે ઓકસીજન કન્વસન્ટ્રેટર રાખવા જેવી વ્યવસ્થા કરવાની ભલામણ કરી છે જેથી સ્કુલ ઝડપથી સામાન્ય રીતે ચાલુ થઈ શકે.

ઓનલાઈન શિક્ષણની સમીક્ષા અને સ્કુલોને ફરીથી ખોલવાના વિષય ઉપર શિક્ષણ, મહીલા, બાલ, યુવા તેમજ રમત સંબંધી સંસદની સ્થાયી સમિતિના રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે. આ રિપોર્ટ ગઈકાલે સંસદના બંન્ને ગૃહોમાં રજૂ કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે સ્કુલો નહી ખોલવાનો ખતરો એટલો ગંભીર છે કે તેની સામે બેદરકાર ન રહી શકાય.

નાના બાળકોનું ઘરની ચાર દીવાલોની અંદર બંધ રહેવા, સ્કુલે ન જઈ શકવાના કારણે પેરેન્ટ્સ અને બાળકો વચ્ચેના સંબંધને ખોટી અસર થઈ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સ્કુલો બંધ રહેવાથી પરિવારના તાણાવાણા પણ બગડયા છે આ કારણે બાળકોના નાની વયમાં લગ્ન અને ઘરના કામોમાં બાળકોની ભાગીદારી વધી છે.

### યુનોની સલામતી સમિતિનું અધ્યક્ષ પદ સંભાળતાની સાથે જ ભારત એકશન મોડમાં :

## પાકિસ્તાન આતંકવાદીઓનું આશ્રય સ્થાન : કાર્યવાહીની જરૂર

નવી દિલ્હી,તા.૭ : ભારતે કહ્યુ કે, અફઘાનિસ્તાનનો ભુતકાળ તેનું ભવિષ્ય ન હોઈ શકે અને પ્રદેશમાં આતંકવાદીઓને આશ્રય સ્થાનોને તત્કાલ નષ્ટ કરવામાં આવે તથા આતંકીઓની સપ્લાય ચેન બંધ કરવામાં આવે.

પાકિસ્તાનને આતંકીઓનું સલામત આશ્રયસ્થાન કહ્યું છે. સંયુકત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ અને ઓગસ્ટ મહિના માટે સુરક્ષા પરિષદના અધ્યક્ષ ટીએસ તિરૂમૂર્તિએ કહ્યુ કે, આતંકીઓને આશરો આપનારની જવાબદારીઓ નક્કી કરવાની જરૂર છે. તિરૂમૂર્તિએ પરોક્ષરૂપથી પાકિસ્તાનનો ઉલ્લેખ કરતા અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થાપવા માટે ક્ષેત્રમાં આતંકવાદીઓના આશ્રયસ્થાનોને તત્કાલ નષ્ટ કરવા અને આતંકીઓની સપ્લાય ચેઈન ખોરવવા ઉપર ભાર આપ્યો છે.

તેમણે કહ્યું કે, તે નક્કી કરવાની જરૂર છે કે અફઘાનિસ્તાનના પાડોશી દેશ અને ક્ષેત્રને આતંકવાદ, અલગાવવાદ અને ચરમપંથનો ખતરો ન હોય. આતંકવાદના તમામ સ્વરૂપોને કયારેય સ્વીકારવાની જરૂર નથી.

## નાસીકમાં ડેલ્ટા વેરીઅન્ટનાં ૩૦ કેસ નોંધાતા ચિંતા વધી

નાસિક તા. ૭ : દેશના કેટલાક ભાગોમાં કોરોના વાયરસના કેસ અત્યારે અટકતા હોય તેવું લાગતું નથી. મહારાષ્ટ્રમાંથી ડેલ્ટા વેરિએન્ટના કેસ સતત નોંધાઈ રહ્યા છે. નાસિકમાં, શુક્રવારે ૩૦ લોકો ડેલ્ટા વેરિઅન્ટથી ચેપગ્રસ્ત જોવા મળ્યા હતા. તેમાંથી ૨૮ દર્દીઓ ગ્રામીણ વિસ્તારોના છે. નાસિક ડિસ્ટ્રિકટ હોસ્પિટલના સર્જન ડો.કિશોર શ્રીનિવાસને જણાવ્યું હતું કે અમે તેમના સેમ્પલ પૂણેની લેબોરેટરીમાં જીનોમ સિકવન્સીંગ માટે મોકલ્યા હતા અને આ લોકો ડેલ્ટા વેરિઅન્ટથી સંક્રમિત જોવા મળ્યા હતા.

## દેશમાં લગ્ન - છૂટાછેડાનાં કાયદામાં ફેરફાર કરવાનો સમય પાકી ગયો છે : કેરળ હાઈકોર્ટ

કેરળ તા. ૭

કેરળ હાઈકોર્ટે જણાવ્યું છે કે દેશમાં લગ્ન અને છૂટાછેડાના કાયદામાં ફેરફાર કરવાનો સમય પાકી ગયો છે. જે મુજબ તમામ નાગરિક માટે સમાન અને ધર્મ નિરપેક્ષ કાયદો હોવો જોઈએ.

હાઈકોર્ટમાં આવેલા એક કેસમાં પરણિત સ્ત્રીએ તેની ઈચ્છા વિરુદ્ધ ફરજીયાત સેક્સ માણતા પતિથી છૂટાછેડા માગ્યા હતા. તે બાબતને બળાત્કાર નહીં પણ છૂટાછેડાનું સચોટ કારણ આપી મહિલાએ માંગેલા છૂટાછેડાં મંજુર કરતો સીમાચિહ્નરૂપ ચુકાદો આપતી વખતે કોર્ટની ખંડપીઠે ઉપરોક્ત ટિપ્પણી કરી હતી તથા જણાવ્યું હતું કે દેશમાં લગ્ન અને છૂટાછેડાના કાયદામાં ફેરફાર કરવાનો સમય હવે પાકી ગયો છે.

હાઈકોર્ટે ઉમેર્યું હતું કે ભારતના બંધારણ મુજબ દરેક નાગરિકને પોતાની પસંદગીનો ધર્મ પાળવાની છૂટ છે. પરંતુ દરેક ધર્મોમાં લગ્ન અને છૂટાછેડાના કાયદા સમાન નથી. તેથી પ્રશ્નો ઉભા થાય છે. આથી તમામ નાગરિક માટે સમાન અને ધર્મ નિરપેક્ષ કાયદો હોવો જોઈએ તેમ જણાવ્યું હતું.

## ૧૦ રાજયોમાં કોરોનાની નવી લહેરે પ્રકોપ દેખાડવાનું શરૂ કર્યુ

નવી દિલ્હી તા. ૭ : કોરોના વાયરસનું ડેલ્ટા વેરિઅન્ટ ફરી એક વાર માથું ઉંચકી રહ્યું છે. અહેવાલ મુજબ આ વેરિઅન્ટના કારણે રિપ્રોડકશન કે 'R' વેલ્યૂનો આંક ફરીથી પાર થયો છે. એક મહિના પહેલા આ સંખ્યા ૦.૯૩ હતી. હવે ઓછામાં ઓછા ૧૦ રાજયોમાં રાષ્ટ્રિય સરેરાશથી ૧.૦૧થી વધારે જોવા મળી રહી છે.'R'ને આધારે જાણી શકાય છે કે સંક્રમણા કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે કે કેસ ઘટી રહ્યા છે. રિપોર્ટ અનુસાર સીનિયર વાયરોલોજિસ્ટ ડોકટર ટી જૈકબનું કહેવું છે કે એક વ્યક્તિ એકથી વધારે લોકોને સંક્રમિત કરી રહ્યો છે, માર્ચમાં 'R' વેલ્યૂ ૧.૪ની આસપાસ હતી. તે સમયે કેસ ઝડપથી વધી રહ્યા હતા. મે મહિનામાં તેમાં ઘટાડો જોવા મળ્યો. તે સમયે 'R' વેલ્યૂ ૦.૭ પર જોવા મળી. વધતા 'R' વેલ્યૂના કારણે ફરીથી ચિંતા વધી છે. વિશેષજ્ઞોનું કહેવું છે કે ફકત 'R' વેલ્યૂ વધવાથી કોઈ રાજય કે જિલ્લાને રેડ ઝોનમાં રાખી શકાય નહીં. દેશના ૧૦ રાજયોમાં આર વેલ્યૂ ૧.૦૧ની સરેરાશથી વધારે જોવા મળી રહી છે.

## ખાણી-પીણીનાં વેપારીઓએ ૧ ઓકટોબરથી બીલ ઉપર ફરજીયાત રજીસ્ટ્રેશન નંબર દર્શાવવો પડશે

નવી દિલ્હી,તા. ૭: ફુડ સેફટી સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયાનાં આદેશ મુજબ હવે તા.૧ ઓકટોબરથી ખાણીપીણીના તમામ' વેપારીઓએ વાઉચર તથા બિલ ઉપર રજીસ્ટ્રેશન નંબર દર્શાવવા પડશે. નંબરના આધારે ગ્રાહકો ઓનલાઈન વેપારીની તમામ વિગતો જાણી શક્શે. એ ઉપરાંત રેસ્ટોરન્ટ કે હોટલની આગળ 'ફુડ સેફટી ડિસ્પ્લે બોર્ડ' ગ્રાહકોને દેખાય તે રીતે મૂકવાનું રહેશે. ખાદ્ય પદાર્થને લગતા તમામ વેપારીઓએ એફએસએસએઆઈનું લાઈસન્સ ધંધો ચાલુ કરતા પહેલાં લેવુ ફરજીયાત છે. સામાન્ય રીતે ખાદ્ય પદાર્થને લગતા વેપારીઓના રજીસ્ટ્રેશન નંબરની વિગતો ગ્રાહકોને સરળતાથી મળતી નથી. એ કારણે ફુડ સેફટી સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયાનાં આદેશ મુજબ ખાદ્ય પદાર્થને લગતા તમામ વેપારીઓએ રજીસ્ટ્રેશન નંબર રીસીપ્ટ અને બિલ પર ઉપરના ભાગે સરળતાથી દેખાય તે રીતે ફરજીયાત દર્શાવવાનો રહેશે. અત્યારે એફએસએસએઆઈ રજીસ્ટ્રેશન નંબર ફરજીયાતપણે ફકત પેકેજમાં દર્શાવવામાં આવે છે. હવે બિલ કે રિસીપ્ટમાં પણ આપશે. ગ્રાહકોને ખ્યાલ આવે તે માટે આવો નંબર ૧૪ ડિજીટનો બનાવવામાં આવ્યો છે. ગ્રાહકોએ જો કોઈ વેપારીના રજીસ્ટ્રેશન નંબર બાબતે ચકાસણી કરવી હોય તો ઓનલાઈન વેબસાઈટ અને એપ્લિકેશનના માધ્યમથી વેપારીની તમામ વિગતો જાણી શકાશે. ગ્રાહકે ફરિયાદ કરવી હોય તો તેમાં પણ નંબરને આધારે કરી શકશે. તા. ૧ ઓકટોબર-૨૦૨૧થી ફરજીયાતપણે નિયમનો અમલ કરવા સૂચના આપી છે. આપણે ત્યાં મોટાંભાગનો ખાણીપીણીનો વ્યાપાર બિલ કે રિસીપ્ટ વિના થતો હોય છે.


ૐ ઉપચાર કેન્દ્ર

ડૉ. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
- નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપુરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭૨૬૦૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેકટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. સોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ડો. દીપક પી. ભલાણી M.B.B.S.

આદિત્ય નિદાન કેન્દ્ર

ઈમ્પિરીયલ પ્લસ, ગ્રાઉન્ડ ફલોર ગાયત્રી સ્કુલ સામે ક્રોસમાં, ઝાંઝરડા રોડ, જૂનાગઢ

ફોન : ૦૨૮૫-૨૬૩૬૯૯૯

સ્પેશ્યાલીસ્ટ જેવી સારવાર ફેમીલી ફીઝીશ્યનના ચાર્જમાં

છલ્લા ૨૩ વષમા ૪ લાખથા પણ વધાર તમામ પ્રકારના દર્દીઓના નિદાન અને સારવારનો બહોળો અનુભવ

સુવિધા

ડે - કેર સેન્ટર

ડેંગ્યુ, ચીકન ગુનિયા, કમળો, ટાઈફોડ, ઝાડા-ઉલ્ટી, મેલેરીયા જેવા કેશોને દાખલ ન કરતા બાટલા ચડાવીને અને જરૂર પડે તો બીજા દિવસે બોલાવવામાં આવે છે. આમ દર્દીને દાખલ ન કરતા હોવાથી સારવારનો ખર્ચ ખુબ ઓછો આવે છે.

વ્યસન મુક્તિ કેન્દ્ર

દારૂના વ્યસની ને તેની ખબર વગર સહેલાઈથી દારૂ છોડાવવાનું કેન્દ્ર ઉપરાંત લેબોરેટરી, કાર્ડીયોગ્રામ, નેબ્યુલાઈઝર, બોડી ચેકઅપ-પેકેજ, રસીકરણ કેન્દ્ર વગેરે વગેરે.


ફ્રાન્સની સરકારની જનતાને સલાહ

તમારી કોઈપણ બિમારીમાં પહેલા ફેમીલી ડોકટરની સલાહ લો અન્યથા તમારા સમય અને નાણાનો વ્યય થશે

હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ. સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


# ગાયત્રી મંદિરનાં તપસ્વી મહંત લાલબાપુએ અંબાજી માતાજીનાં દર્શનનો લાભ લીધો


(તસ્વીર : વિજય ત્રિવેદી)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ રાજકોટ જિલ્લાના ગધેસર ડેમ સાઈટ પાસેનાં ગાયત્રી મંદિરના તપસ્વી મહંત લાલબાપુ અને તેમના શિષ્ય રાજુબાપુએ અનુયાયીઓ સાથે ગિરનાર પર્વતની ટોચે બીરાજમાન જગત જનની માં અંબે માંનાં ભાવ પૂર્વક દર્શન કરી મંદિર પરિસરમાં વિશ્રામ કરેલ અને મંદિર દ્વારા લાલબાપુને માતાજીની પ્રસાદી રૂપે ચૂંદડી પહેરાવી સ્વાગત સાથે સન્માનિત કર્યા હતા.

# કડિયાવાડ વિસ્તારમાં અસામાજીક તત્વોનાં ત્રાસ અંગે વેપારીઓએ બંધ પાળી આવેદન આપ્યું


(તસ્વીર : રવિન્દ્ર કંસારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢનાં કડિયાવાડ વિસ્તારમાં અસામાજીક તત્વોનાં ત્રાસનાં કારણે વેપારીઓએ બંધ પાળી રસ્તા ઉપર ઉતરી ગયા હતાં. આ ઘટનાનાં પગલે એ-ડિવીઝન પોલીસ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી.

જૂનાગઢનાં કડિયાવાડ વિસ્તારમાં અસામાજીક તત્વોનો ત્રાસ વધી રહ્યો છે. આવા તત્વો વેપારીની દુકાનમાંથી સામાન લઈ રૂપિયા આપતા નથી. વેપારીઓ પૈસા માંગે તો છરી જેવા હથિયાર બતાવી વેપારીઓને ધમકાવે છે. શુક્રવારે વેપારી એસોસિએશનનાં પ્રમુખ દિનેશ સોંદરવા સહિતનાં વેપારીઓએ દુકાનો બંધ કરી હડતાળ ઉપર ઉતરી ગયા હતાં અને રસ્તા ઉપર બેસી ગયા હતાં. આ ઘટનાની જાણ થતા એ ડિવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ, પીએસઆઈ અને સ્ટાફ પહોંચી ગયો હતો. વેપારીઓને પોલીસે પોતાના નંબર આપી હૈયાધારણા આપી હતી બાદ મામલો થાળે પડ્યો હતો.

# પ્રવાસીઓને મોજ કરાવતા 'ગોટિયો-પોટિયો'



જૂનાગઢ તા.૭ : જૂનાગઢ એશિયાનો મોટામાં મોટો ગિરનાર રોપ-વે પ્રોજેક્ટ કે જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટમાંનો એક છે એવા ગિરનાર રોપ-વેમાં ગિરનારની યાત્રાએ આવતા પર્યટકો માટે રોપ-વેના લોઅર સ્ટેશન ઉપર પેસેન્જરને મનોરંજન પૂરૂ પાડવા ગોટિયો-પોટિયોનાં કાર્ટૂન અને ડુપ્લીકેટ કલાકારો પર્યટકોનાં બાળકો સાથે જ્ઞાન સાથે ગમ્મત કરાવતા હોય છે અને જે પ્રસ્તૃત તસ્વીરમાં દર્શાય છે.(તસ્વીર : વિજય ત્રિવેદી)

# જૂનાગઢનાં ખલીલપુર રોડ ઉપર રહેણાંક મકાનમાં જુગાર રમતા ૯ શખ્સોને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા. ૭

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે જોષીપરાનાં ખલીલપુર રોડ શુભેશ્વર મંદિર વાળી ગલીમાં ગોપાલવાડી-૩ નજીક રહેતા કેતનભાઈ ગોરધનભાઈ હીરપરા પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડતા હોવાની બાતમીનાં આધારે પોલીસો જુગાર અંગે દરોડો પાડતા કેતનાભાઈ હીરપરા, અમૃતભાઈ સોલંકી, કિરીટભાઈ ભુવા, જીતેન્દ્ર દેસાઈ, કૈલાસ હીરપરા, મહેશ ગામી, પંકજ કટોકીયા, દેવીદાસ ગોંડલીયા, કલ્પેશ કાપડીયાને રૂા.૨૫,૩૧૦, મોબાઈલ ફોન -૫, બે મોટર સાયકલ મળી કુલ રૂા. ૧,૦૫,૩૧૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા કલમ ૪-૫ અંતર્ગત ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પડતર પ્રશ્નોને લઈ શરૂ કરાયેલ આંદોલનના આજે છેલ્લા દિવસે શિક્ષકોએ આશ્ચર્યજનક કાર્યક્રમ આપ્યા

અમદાવાદ તા.૭

શિક્ષકોના પડતર પ્રશ્નોને લઈને શૈક્ષિક મહાસંઘ દ્વારા આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ તબક્કાના સાત દિવસના આંદોલનના છેલ્લા દિવસે એટલે કે શનિવારે શિક્ષકો દ્વારા શાળા સમય બાદ જિલ્લા કક્ષાએ આશ્ચર્યજનક કાર્યક્રમ આપ્યો હતો. આ કાર્યક્રમ બાદ પણ જો પ્રશ્નોના ઉકેલની ખાતરી નહીં મળે તો આગામી દિવસોમાં વધુ જલદ આંદોલન શરૂ કરવામાં આવશે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાત માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ રમેશ ચૌધરી તથા ઉચ્ચતર માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ મિતેષ ભટ્ટે જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયામાં ચાલી રહેલા જલદ આંદોલનના સાતમા દિવસે એટલે કે શનિવારે શાળા સમય બાદ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના સભ્યો જિલ્લા કક્ષાએ આશ્ચર્યજનક કાર્યક્રમ કરશે. પ્રથમ તબક્કાના આ કાર્યક્રમ બાદ સરકાર તરફથી યોગ્ય પ્રતિસાદ નહીં મળે તો રાજ્ય કારોબારી દ્વારા બીજા તથા ત્રીજા તબક્કાના આંદોલનાત્મક કાર્યક્રમ ઘડી કાઢવામાં આવશે.

# ન્યાયાધીશોને મળતી ધમકીઓમાં સીબીઆઈ, આઈબી મદદ કરતા નથી : સુપ્રિમ કોર્ટનાં ચીફ જસ્ટીસ

નવી દિલ્હી, તા.૬

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમન્નાએ કહ્યું કે, દેશમાં જજોને હાનિ પહોંચાડવાની એક નવી પ્રથા શરૂ થઈ ગઈ છે. જો લોકોને એમની પસંદગીનો આદેશ નથી મળતો તો તેઓ ધમકીઓ આપે છે અને વધુમાં જ્યારે જજો આ અંગે સીબીઆઈ અથવા આઈબીને ફરિયાદ કરે છે ત્યારે તેઓ પણ જજોને મદદ નથી કરતા. સીજેઆઈ રમન્નાએ કહ્યું કે, મારા કથનમાં હકીકતો છે અને હું જે કહી રહ્યો છું એ ખૂબ જવાબદારીપૂર્વક કહી રહ્યો છું. સુપ્રીમ કોર્ટની બેન્ચમાં એમની સાથે જજ સૂર્યકાંત પણ હતા. એમણે કહ્યું કે, જે કેસોમાં ગેંગસ્ટરો અથવા હાઈ પ્રોફાઈલ ગુનેગારો સામેલ હોય છે એ કેસોમાં તેઓ જજોને શારીરિક અને માનસિક હાનિ પહોંચાડવાની ધમકીઓ આપે છે અને અમુક લોકો જેમની તરફેણમાં ચુકાદા નથી આવતા તેઓ સોશિયલ મીડિયામાં જજોને બદનામ કરાતા મેસેજો મૂકે છે અને ખોટા આક્ષેપો મૂકી એમની છબી બગાડે છે.

# ગુજરાત હાઈકોર્ટમાં ૧૭મી ઓગસ્ટથી ફિઝિકલ હિયરિંગ શરૂ થશે

અમદાવાદ તા.૭

રાજ્યમાં ડિસ્ટ્રિક્ટ અને મેટ્રો કોર્ટ બાદ હવે ગુજરાત હાઈકોર્ટમાં પણ ફિઝિકલ હિયરિંગ ૧૭ ઓગસ્ટથી શરૂ થશે. જેમાં તમામ લોકોએ કોર્ટ પરિસરમાં SOPનું પાલન કરવું પડશે. હાઈકોર્ટના આ નિર્ણયથી ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ્સમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. બીજી લહેર બાદ ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશને ચીફ જસ્ટિસને પત્ર લખીને રજૂઆત કરી હતી.

# દિવાળી વેકેશન બાદ પ્રાથમિક શાળાઓ શરૂ કરવા વાલી મંડળની માંગ

અમદાવાદ તા.૭

ગુજરાત રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેરની સંભાવનાઓ વચ્ચે પ્રાથમિક શાળાઓ દિવાળી વેકેશન પછી ખોલવામાં આવે તે માટે વાલી મંડળ દ્વારા શિક્ષણમંત્રીને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

# જનતા જ હવે કોંગ્રેસને તગેડી રહી છે : નાયબ મુખ્યમંત્રી

સાણંદ તા.૭

રાજ્યમાં રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે સાણંદ ખાતે રાજ્યના ડેપ્યૂટી સીએમ નીતિન પટેલ દ્વારા રોજગારી દિવસની ઉજવણી પ્રસંગે હાજર રહ્યા હતા. આ તકે તેઓએ શિક્ષણનો વિરોધ કરી રહેલ કોંગ્રેસને આડેહાથ લઈ આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, કોંગ્રેસને વિકાસ પચતો નથી. જેના કારણે આ આવા ગતકડા અપનાવી રહ્યા છે.

# જૂનાગઢમાં ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

જૂનાગઢ તા. ૭

જૂનાગઢમાં કડીયાવાડ વિસ્તારમાં રામાપીર મંદિર વાળી શેરીમાં રહેતા સંજય ઉર્ફે સની હરેશભાઈ ભરાડીયા (ઉ.વ.૨૫)નાં પત્નીએ આશરે પાંચેક વર્ષ પહેલા ગળાફાંસોખાઈ લેતા તેના આઘાતમાં સંજય ઉર્ફે સનીને દારૂ, જુગારની લત લાગેલ હોય અને એકલવાયુ જીવન જીવતો હોય જેથી જીંદગીથી કંટાળી પોતાની મેળે પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસ તપાસ ચલાવી રહી છે.

સેલફોર્સનાં ટીકડા ખાત મૃત્યું

જૂનાગઢનાં ક્રામદાર સોસાયટીમાં રહેતા અરૂણભાઈ મોહનભાઈ પટ્ટણી (ઉ.વ.૬૫)એ સેલફોર્સનાં ટીકડાખાઈ લેતા તેમને સારવાર માટે લઈ જવામાં આવેલ પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.



સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# પ્રજા અને રાજનેતાઓ ત્રીજી લહેરને આમંત્રણ તો નથી આપી રહ્યા ને ?

દેશમાં વધતા જતા કોરોના કેસો બાબતે કોઈ નોંધ લેતું નથી ના તો આમ પ્રજાની રોજિંદી કાર્યવાહીમાં કોઈ ફેરફાર થયો છે કે ના તો રાજકિય તેમજ રાજનેતાઓના જાહેર કાર્યક્રમોમાં કોઈ ફેર પડ્યો છે. બીજી લહેર અગાઉ આવીજ સ્થિતિ દેશભરમાં હતી. હવે ત્રીજી લહેરની સંભાવના વધી છે ત્યારે પણ એ જ સ્થિતિ છે. છેલ્લા દસેક દિવસથી કોરોનાએ નવા રૂપે ફેલાવવાનું શરૂ કર્યું છે અને કેસો વધવા લાગ્યા છે. કોરોનાના સૌથી વધુ કેસો કેરળમાં સામે આવતા ત્યાં બે દિવસ લોકડાઉન જાહેર કરવામાં આવેલ. જ્યારે કે મહારાષ્ટ્ર રાજ્ય, દિલ્હી રાજ્ય સહિતના ૧૨ જેવા રાજ્યોમાં કેસોમાં વધારો થયાનું સામે આવ્યું છે. ત્યારે આમ પ્રજાજનોએ સાવચેતી રાખવાનું અતિ જરૂરી છે. નહી તો ત્રીજી લહેરનો સામનો કરવો બીજી ત્રાટકેલા લહેરથી વધુ પ્રમાણમાં ભારે પડે તેવી સંભાવના વધુ છે. જોકે ભારતમાં કેરળથી જે તે રાજયમાં પહોંચી જતા પ્રવાસીઓને જે તે મથક ઉપર ટેસ્ટ કરવામાં આવતો નથી જેથી કોરોના ફેલાવાની શક્યતા વધી પડી છે, તો અમેરિકા સહિતના જે દેશોમાં કોરોના વ્યાપ્ત થઈ રહ્યો છે તે દેશોમાંથી આવતા પ્રવાસીઓનો પણ ટેસ્ટ કરવામાં આવતો નથી. અને તેમાં બેદરકારી દાખવવામાં આવી રહી છે તે પણ ચિંતાજનક છે.... અમેરિકા, બ્રિટનમાં ત્રીજી લહેરે લાખો લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે. કથિત કોરોના જનક કહેવાતું ચીન પણ કોરાનાની ચપેટમાં આવી ગયું છે. ચીનમાં ડેલ્ટા વેરિઅન્ટના ૧૫ પ્રાંતો અને નગરપાલિકાઓ સામે ૫૦૦ થી વધુ કેસો સામે આવ્યા છે. તે સાથે વાયરસ સંક્રમણ ૧૭ પ્રાંતમાં ફરી વળ્યું છે. જ્યારે કે પેજીંગમાં આવેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપરથી બીજી વાર સંક્રમણના ફેલાવાથી સમગ્ર ચીનમાં હાઈએલર્ટ છે અને ચીને તેની રાજધાની બેઈજીગ ? સહિત સમગ્ર ચીનમાં વિમાની પ્રવાસ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે. ઉપરાંત સૌથી વધુ જ્યાં કોરોનાની અસર છે તેવા ૧૪૪ જેટલા વિસ્તારોમાં પબ્લીક પરિવહન અને ટેક્સીની સેવાઓમાં કાપ મૂકી દીધો છે. તેમજ બેઈજીગની ટ્રેન સેવાઓ અને મેટ્રો સેવાઓના ઉપયોગ ઉપર અંકુશ લગાવી દીધો છે. ચીનમાં હાલમાં સમયમાં ડેલ્ટા વાયરસ કહેર વરસાવી રહ્યો છે. વુહાનમાં ૨૦૧૯ માં પ્રથમ કોરોના કેસ સામે આવ્યો હતો.... જ્યાં વધુ પ્રમાણમાં ઊંડાણ સુધી તપાસ કરતા સામે આવ્યું કે જીયાગ્સુ પ્રાંતમાં એવા જ કેસો સામે આવ્યા છે. પરંતુ સંક્રમિત કેસોમાં વાયરસ ડેલ્ટા સ્વરૂપના છે જે વધુ સંક્રમિત છે.... ઝડપથી ફેલાય છે. નોંધવું રહ્યું કે, નુકશાનમાં પ્રથમવાર કોરોનાએ વરવું રૂપ ધારણ કરેલ જેના ઉપર ચીને કાબુ કરી લીધો હતો પરંતુ હવે અહીં ફરીવાર સ્થિતી વધુ બગડી છે અને કોરોના અટકાવવામાં ચીનને નિષ્ફળતા મળી છે......!!

ભારતમાં કોરોના કેસો મોટા પ્રમાણમાં ઘટી જતા સરકારે અનેક છૂટછાટો જાહેર કરી દીધી છે. પરંતુ કેરળમાં ત્રીજી લહેર ત્રાટકતા સરકારે પ્રજાને સાવચેત રહેવા સાથે માસ્ક અને ડિસ્ટન્સ જાળવવા સાથે નિયમો પાળવાની સલાહ આપી છે. વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતોની તેમજ કેન્દ્ર સરકારની ચેતવણીની મોટા પ્રમાણમાં પ્રજામાં અસર દેખાતી નથી, ઉપરાંત સરકાર તેમજ નેતાઓ વિવિધ કાર્યક્રમો યોજવા લાગ્યા છે જ્યાં મોટી ભીડ એકઠી થાય છે અને ભીડમાં મોટાભાગના લોકો માસ્ક પહેરતાજ નથી. તો જે તે યોજવામાં આવતા કાર્યક્રમોમાં નેતાઓ માસ્ક અનુસંધાને આગ્રહ કરતા નથી કે ચેતવણી પણ આપતા નથી. ઉપરાંત દેશના વિવિધ ધાર્મિક સ્થાનો, ધાર્મિક કાર્યક્રમો તેમજ પર્યટન સ્થળો ઉપર પણ આવી જ હાલત છે.... મતલબ ત્રીજી લહેર માટે પ્રજાને કે નેતાઓને કોઈજ ચિંતા નથી.....! અને બધુ યથાવત ચાલી રહ્યું છે જાણે કે ત્રીજી લહેરને આમંત્રણ આપી રહ્યા હોય તેમ....! દેશમાં સ્થિતિ સર્જાય રહી છે તે અતિભયજનક છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**


પરઉપકાર, વચન મનકાયા, સંત સહજ સુભાવ ખગ્રાયા
- સંત તુલસીદાસ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૦, મુ. જિલ્હજ-૧૪૪૨, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, અષાઢ વદ-૧૪, તા.૭ ઓગષ્ટ ૨૦૨૧, શનિવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૨૭, પુનર્વસુ નક્ષત્ર, સિધ્ધિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૨૪, સૂ.અ.૧૯:૨૯
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : હર્ષોલ્લાસ ભર્યો દિવસ, માંગલિક કે ધાર્મિક કાર્યમાં ધન વપરાય.
વૃષભ : ધન લાભનો યોગ છે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.
મિથુન : વ્યર્થ વિવાદનો સામનો કરવો પડે. મહત્વના કાર્યો ટાળવા.
કર્ક : આર્થિક સમસ્યાનું નિરાકરણ થાય, રચનાત્મક કાર્યો થાય.
સિંહ : અટકેલા કાર્યો પૂર્ણ થાય. આર્થિક લાભ મળે.
કન્યા : પારિવારીક જીવનમાં વિષમતા રહે. ધીરજના ફળ મીઠા મળે.
તુલા : બેચેની ભર્યો દિવસ વિતે, આર્થિક વિકાસ મંદ રહે.
વૃશ્ચિક : આર્થિક લાભ થાય. પ્રિયજન સાથે મિલન-મુલાકાત સફળ બાને.
ધન : વ્યર્થ ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
મકર : લાભની આશા ઠગારી નીવડે. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ.
કુંભ : નવિન સમાચાર મળે. આર્થિક ધનલાભ થાય.
મીન : મુસાફરી ટાળવી હિતાવહ, વ્યર્થ દિવસ રહે.

# આગામી તહેવારોની મોસમમાં સંભવીત ત્રીજી લહેરને લઈ રાજ્યોને સતર્ક રહેવા કેન્દ્રની સલાહ



નવી દિલ્હી તા.૭

દેશનાં કેટલાંક રાજ્યોમાં કોરોના સંક્રમણનાં કેસ વધી રહ્યા છે ત્યારે આગામી તહેવારોની મોસમ લક્ષમાં લેતાં કેન્દ્રના સ્વાસ્થ્ય વિભાગે બધાં રાજયોને સતર્ક રહેવાની સલાહ આપી છે. સ્થાનિક પ્રતિબંધો લાદવા ઉપર રાજય સરકાર વિચાર કરે જેથી તહેવારોમાં ભીડ કે લોકોનાં ટોળાં એકઠાં થાય નહીં. આ આદેશ અંતર્ગત આવનારા તહેવારો મોહરમ (૧૯ ઓગસ્ટ), ઓણમ (૨૧ ઓગસ્ટ), જન્માષ્ટમી (૩૦ ઓગસ્ટ), ગણેશ ચતુર્થી (૧૦ સપ્ટેમ્બર) અને દુર્ગા પૂજા (૫ થી ૧૫ ઓકટોબર) વગેરેમાં લોકોની ભીડ એકઠી થવાની શક્યતા જોતાં સલાહ આપવામાં આવી છે કે, રાજયોમાં સ્થાનિક પ્રતિબંધો લાગું કરવામાં આવે જેથી કોરોના મહામારીનો વ્યાપ વધે નહીં. દુનિયાના અનેક દેશોમાં કોરોનાના કેસ વધતા જોઈ સ્વાસ્થ્ય વિભાગે પાણી પહેલાં પાળ બાંધવા રાજયોને જે સલાહ આપી છે તે ગંભીર લેખવી જોઈએ. કોરોનાની પ્રથમ લહેર વેળા બધા તહેવારોમાં રાજય સરકારોએ જે પ્રતિબંધ મૂક્યા હતા ત્યારે લોકોએ કોરોનાની ભયાનકતા, મારક ક્ષમતા ઓળખી પ્રતિબંધોનું સ્વયંભૂ પાલન કર્યું હતું. જોકે કોરોનાનું જોર ઓછું થતાં અને વેકિસન આવી જતાં લોકોએ બેફિકરાઈ દાખવી અને કોરોનાએ ગંભીર સ્વરૂપ લીધું. આવી સ્થિતિમાં વારંવાર કોરોનાની લહેર આવતી રહી તો તેની પછડાટ પછી ઊભા થવાનું મુશ્કેલ બની જશે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન ઉપરાંત તમામ મહામારી નિષ્ણાંતો આગાહી કરે છે કે આ રોગ ઉપર પૂર્ણ નિયંત્રણ મેળવવામાં હજી કેટલાં વર્ષો લાગશે તેથી દુનિયાએ સાવચેતીથી આગળ વધવાનું રહેશે. કોરોનાની બીજી લહેરના પીક વિષે સચોટ અંદાજ લગાવનારા આઈઆઈટી કાનપુર અને હૈદરાબાદના સંશોધકોનો દાવો છે કે દેશમાં આજ મહિનામાં કોરોનાની ત્રીજી લહેર આવી શકે છે અને ઓકટોબરમાં તે ટોચ ઉપર હશે. હાલ કેટલાંક રાજયોમાં પ્રતિબંધો હળવા થઈ રહ્યા છે, હવે તેના પરિણામની રાહ જોવી પડશે, પણ જો તહેવારો દરમ્યાન કોરોનાના નિયમોના પાલનની ઉપેક્ષા થઈ તો ત્રીજી લહેરની શરૂઆત નિશ્ચિત છે. આ ઉપરાંત ડેલ્ટા કરતાં પણ વધુ ઝડપથી ફેલાતો કોઈ મ્યુટન્ટ આવી જાય તો પરિસ્થિતિને કેવી રીતે સંભાળી શકાશે ? બીજી લહેરમાં સમગ્ર દેશે મહામારીની અત્યંત વિનાશકારી અસરો જોઈ છે. ત્રીજી લહેરનો સૌથી વધુ ખતરો બાળકો માટે છે. દેશનાં મોટાં ભાગનાં રાજયોમાં શાળા, કોલેજો, દુકાનો અને બીજા વ્યવસાયિક સંસ્થાનો ખોલી દેવામાં આવ્યાં છે. આમ છતાં આઠ રાજયોમાં પોઝિટિવ કેસનો દર ૧૦ ટકાથી વધુ છે. કેરળ અને મહારાષ્ટ્રનો તેમાં સમાવેશ થાય છે. તેને લઈ સમય સંવેદનશીલ દ્રષ્ટિકોણ અપનાવવાનો છે. લોકોએ તહેવાર ઊજવવામાં ભારે સંયમનો પરિચય આપવાનો રહેશે.

# ધો.૧થી ૫ના શિક્ષકો ધો.૬ થી ૮માં ભણાવી શકે નહીં : હાઈકોર્ટની સરકારને તીખી ટકોર

ગાંધીનગર તા.૭

શિક્ષકોની ભરતીને લઈને ગુજરાત હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી છે. લાયકાત વગરના લાગવગીયા જયાં ગોઠવાયા છે એને લઈને હાઈકોર્ટમાં પડઘા પાડ્યા હતા. લાયકાત વગરના શિક્ષકો શિક્ષણ આપી રહ્યા હોવાની વાત સામે આવતા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. હાઈકોર્ટે આ અંગેની સુનાવણી કરતા અરજદારે સરકાર તરફથી આવી મંજૂરી અપાતી હોવાનો દાવો કર્યો હતો. મદદનીશ સરકારી વકીલે સરકાર તરફથી વલણ સ્પષ્ટ કર્યું હતું. જ્યારે ગણપતભાઈ નાનાજીભાઈ દભાણી તરફથી વકીલ ગૌરવ ચુડાસમાએ હાઈકોર્ટમાં ધારદાર રજૂઆત કરી હતી. જયારે સ્કૂલ્સ તરફથી એવો બચાવ કરવામાં આવ્યો હતો કે, સરકારી એક ઠરાવને આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટે સરકારને આકરી ભાષામાં ટકોર કરી કે, ધો.૧થી ૫માં ભણાવતા શિક્ષકો ધો.૬થી ૮માં ન ભણાવી શકે. આ અંગે એક આદેશ જસ્ટિસ એ.એસ.સુપૈયાએ આપ્યો છે. રાજયમાં શિક્ષણના સ્તરને સુધારવા માટે સરકારને મહત્ત્વના સૂચનો આપ્યા હતા. આ સાથે અવલોકન કર્યું છે કે, સરકાર બાળકોના શિક્ષણને જોખમમાં મૂકી રહી હોય એવું ચિત્ર જોવા મળ્યું છે. ધો.૧થી ૫માં ભણાવતા શિક્ષકો ધો.૬થી ૮ માટે યોગ્ય નથી હોતા. તે ગેરલાયક હોય છે. તેથી એમને ઉચ્ચ ધોરણમાં અભ્યાસ કરાવવા માટેની કોઈ મંજૂરી ન આપી શકાય. ગુજરાત હાઈકોર્ટે રાજય સરકારની શિક્ષણ મુદ્દે એવી ઝાટકણી કાઢી કે, ચાલું સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે સરકારને પ્રાયમરી એજ્યુકેશન ડાયરેક્ટરને ફોન કરવા માટે આદેશ આપ્યા હતા. હાઈકોર્ટે મદદનીશ સરકારી વકીલને એવું કહ્યું કે, ડાયરેક્ટરને કહો કે, શિક્ષકો ન મળતા હોય તો નવા ભરતી કરો. ગેરલાયક શિક્ષકોને ભણાવવા જવા દેવા કેવી રીતે ? યોગ્ય અને લાયક શિક્ષકોની ભરતી શા માટે કરવામાં આવતી નથી ? કાયદો પણ આવી રીતે અપાતા શિક્ષણને કોઈ રીતે મંજૂરી નથી આપતો. અહીં તંત્ર પણ કાયદાનો ભંગ કરી રહ્યું છે. ન માત્ર સરકાર પણ પ્રાયમરી એજયુકેશન ઓફિસરને પણ નોટિસ ફટકારી હતી. આ મામલે યોગ્ય જવાબ આપવા માટે પણ સ્પષ્ટતા કરી હતી. આ ઉપરાંત ડાયરેકટર સામે કાયદાકીય પગલાં લેવા પણ હાઈકોર્ટે ચિમકી ઉચ્ચારી હતી. જોકે, છેલ્લા કેટલાક સમયથી બાકી રહી ગયેલા શિક્ષકોના ઓર્ડર નીકળવાના શરૂ થઈ ગયા છે. જેમાં ગ્રામ્ય પંથકની શાળામાં શિક્ષકોની ઘટ પૂરી કરવામાં આવી રહી છે.


**શાળાઓ દ્વારા લેવાતી ટ્યુશન ફી સામે હાઈકોર્ટમાં પીઆઈએલ**

ગુજરાત હાઈકોર્ટમાં ટ્યુશન ફીને લઈને જાહેર હિતની અરજી કરવામાં આવી છે. જેમાં સુરતની શાળામાં ટ્યુશન ફી લેવાની મુદે અરજદારે રજુઆત કરી છે. આ અરજીમાં જણાવાયું છે કે, કેટલીક શાળાઓ મનફાવે તેમ ટ્યુશન ફી લે છે. તેમજ કમિટી દ્વારા ફી નક્કી કરતા સમયે સ્પષ્ટતાની માંગ આ અરજીમાં કરવામાં આવી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, કમિટીની સ્પષ્ટતાના અભાવે પ્રશ્ન ઉદભવી રહ્યો છે. અરજીમાં રજૂઆત કરવામાં આવી છે શાળાઓ ટ્યુશન ફીના નામે વધુ ફી વસૂલી શકે નહીં. આ અરજીમાં હાઈકોર્ટ દ્વારા રાજય સરકારને જવાબ રજૂ કરવા નિર્દેશ કરાયો છે. તેમજ હાઈકોર્ટે સરકાર સહિતના પક્ષકારોને નોટિસ ફટકારી છે. જયારે કે અરજી પણ વધુ સુનાવણી આગામી ૬ સપ્તાહ બાદ હાથ ધરાશે.

# દેશની અર્થ વ્યવસ્થાને પાટા ઉપર ચઢાવવા મંત્રીમંડળનો અસરકારક વિસ્તાર

કોવિડ મહામારીને કારણે વિશ્વની અર્થવ્યવસ્થા પાટા ઉપરથી ઉતર ગઈ છે, એટલું જ નહીં, બેરોજગારી પણ વધી ગઈ છે. ભારત પણ તેમાંથી બાકાત નથી. મોદી સરકાર સામે આ સમયે સૌથી મોટો પડકાર અર્થવ્યવસ્થાને પાટા ઉપર લાવવાનો અને નિમ્ન તથા મધ્યમ વર્ગને આર્થિક રૂપે સક્ષમ બનાવવાનો છે. આ પડકાર વચ્ચે તેમણે પોતાના બે વર્ષનો કાર્યકાળ પૂરો કર્યા બાદ પોતાના મંત્રીગણમાં વિસ્તાર કર્યો. એમ તો કેન્દ્રીય મંત્રીમંડળનો વિસ્તાર ઘણા સમયથી પ્રસ્તાવિત હતો, પરંતુ છેલ્લા કેટલાક દિવસથી એ સ્પષ્ટ હતું કે હવે એમાં વાર નહીં લાગે. જેવી જ કોવિડ મહામારીનો પ્રકોપ ઓછો થયો, મોદીએ મંત્રીમંડળનું પ્રતીક્ષિત કામ પૂરૂ કર્યું. આ વિસ્તાર એવા સમય ઉપર કરવામાં આવ્યો જ્યારે થોડા જ મહિના બાદ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ સહિત પાંચ રાજયોમાં વિધાનસભા ચૂંટણી થવા જઈ રહી છે. તેમાં ઉત્તર પ્રદેશ રાજકીય દ્રષ્ટિએ સૌથી મહત્ત્વપૂર્ણ છે. અહીંથી ૮૦ સાંસદો ચૂંટાય છે. જોકે કેન્દ્રીય સત્તાનો રસ્તો ઉત્તર પ્રદેશથી પસાર થાય છે, તેથી આ રાજ્યમાં સત્તા જાળવી રાખવી ભાજપની પહેલી પ્રાથમિકતા હશે. મંત્રીમંડળના વિસ્તારની સાથે ઉત્તર પ્રદેશના મંત્રીઓની સંખ્યા ૧૫ થઈ ગઈ છે. તેમાં દલિત, ઓબીસીની સાથે સાથે અગ્રીમ વર્ગોને પૂરતું પ્રતિનિધિત્વ આપીને વડાપ્રધાને રાજ્યની જનતા અને સાથે જ વિપક્ષી નેતાઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. આ સંદેશને લઈને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ભાજપને ચૂંટણી સમયે સામાજિક સમીકરણો સાધવામાં આસાન રહેશે. જોકે આગામી વર્ષના અંતમાં હિમાચલ પ્રદેશમાં પણ ચૂંટણી છે, તેથી ત્યાંના યુવા નેતા અનુરાગ ઠાકુરને પદોન્નત કરીને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા. અનુરાગ ઠાકુરને કેબિનેટ મંત્રી બનાવીને મોદીએ દેશના યુવાઓને પણ સંદેશ આપ્યો છે. મંત્રીમંડળ વિસ્તારમાં અન્ય રાજયોનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. મંત્રીમંડળના વિસ્તારની સાથે કુલ મંત્રીઓની સંખ્યા ૭૭ થઈ ગઈ છે. તેમાં સૌથી વધારે સંખ્યા આદિવાસી, દલિતો અને ઓબીસી નેતાઓની છે. એક સમય એમ કહેવાતું હતું કે ભાજપ સવર્ણોની પાર્ટી છે. હવે કોઈપણ એવું નહીં કહી શકે. એ પણ ઉલ્લેખનીય છે કે મંત્રીમંડળમાં મહિલાઓની સંખ્યા વધીને ૧૧ થઈ ગઈ છે. મહારાષ્ટ્ર ભાજપ માટે એક પડકાર બની ગયું છે તેથી મંત્રીમંડળ વિસ્તારમાં રાજયસભા સદસ્ય નારાયણ રાણેને પણ કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા. રાણે પૂર્વ શિવસૈનિક છે અને કોંકણક્ષેત્રમાં ઘણી અસર ધરાવે છે. તેઓ જાણે છે કે શિવસેના સામે કેવી રીતે લડવું. મહારાષ્ટ્રમાં ભલે શિવસેના સહયોગી પક્ષો એનસીપી અને કોંગ્રેસની સાથે સહજ દેખાવાનો દેખાડો કરતી હોય, પરંતુ એવું નથી. મંત્રીમંડળ વિસ્તારમાં જ્યોતિરાદિત્ય સિંધિયાનું સામેલ થવું નક્કી હતું અને એવું જ થયું. તેમણે મધ્યપ્રદેશમાં ભાજપની સરકાર બનાવવાનો પુરસ્કાર આપવામાં આવ્યો. તેઓ ભાજપમાં એટલા માટે સામેલ થયા, કારણકે કોંગ્રેસે તેમને પ્રાથમિકતા ન આપી. એ ધ્યાન રહેકે તેમની દાદી વિજયારાજે સિંધિયા ભાજપનાં સંસ્થાપક સભ્ય હતાં. તેમને નાગરિક ઉડ્ડયન મંત્રાલય મળ્યું છે. એક સમયે તે મંત્રાલય તેમના પિતા માધવરાવ સિંધિયાએ પણ સંભાળ્યું હતું. મોદીએ રાજ્યસભા સદસ્ય અશ્વિની વૈષ્ણવને જે રીતે સીધા કેબિનેટ મંત્રી બનાવ્યા, તે ઉલ્લેખનીય છે. અશ્વિની વૈષ્ણવ પૂર્વ આઈએએસ અધિકારી છે અને ટેકનિક સાથે મેનેજમેન્ટના પણ વિશેષજ્ઞા મનાય છે. તેમના મંત્રી બનવાથી એસ. જયશંકર અને હરદીપ સિંહ પુરીની યાદ આવવી સ્વાભાવિક છે, જેઓ એજ રીતે સીધા મંત્રી બન્યા હતા. ઊર્જા મંત્રી આર.કે. સિંહ પણ પૂર્વ આઈએએસ અધિકારી છે, પરંતુ તેઓ ચૂંટણી લડીને લોકસભામાં પહોંચ્યા. મંત્રીમંડળના વિસ્તારની સાથે તેમાં ફેરબદલ પણ થયો છે અને સૌથી ચોંકાવનારો ફેરબદલ એ રહ્યો કે ચાર દિગ્ગજ મંત્રીઓ - રવિશંકર પ્રસાદ, પ્રકાશ જાવડેકર, રમેશ પોખરિયાલ નિશંક અને ડો. હર્ષવર્ધનની છૂટ્ટી કરી દેવાઈ. જોકે તેના સ્પષ્ટ કારણ તો કદાચ જ ક્યારેક જાણવા મળે કે આટલા દિગ્ગજ મંત્રીઓનાં રાજીનામાં કેમ લેવામાં આવ્યાં, પરંતુ એવું કરીને વડાપ્રધાને એ સંકેત આપી દીધો કે કોઈના કામમાં ક્યાંય કોઈ ઢીલ સ્વીકાર્ય નથી. રવિશંકર પ્રસાદ કાયદા અને આઈટી મંત્રાલય સાથે સંચાર મંત્રાલય પણ સંભાળી રહ્યા હતા. તેઓ દિગ્ગજ ઈન્ટરનેટ મીડિયા કંપનીઓને નિયંત્રિત કરવાની કોશિશ કરી રહ્યા હતા તેથી તેમનું જવું ચોંકાવનારૂ રહ્યું. દેખીતું છે કે તેમના કામમાં ક્યાંક કોઈ ખામી રહી હશે, નહિ તો ત્રણ મંત્રાલય સંભાળ્યા બાદ પણ તેમણે રાજીનામું શું કામ આપવું પડે. હર્ષવર્ધન વિષે અવશ્ય એમ કહી શકાય કે કોરોનાની બીજી લહેર દરમ્યાન કોવિડ રોગીઓના ઉપચારની સુવ્યવસ્થા નહિ કરી શકવી તેમના માટે ભારે સાબિત થયું. તેની અવગણના ન કરી શકાય કે બીજી લહેરમાં સરકાર પણ કઠેરામાં ઊભેલી જોવા મળી. એવું લાગે છે કે બીજી લહેરમાં સામે આવેલી સમસ્યાઓની જવાબદારીને કારણે હર્ષવર્ધને જવું પડયું. એ જ વાત શ્રમમંત્રી સંતોષ ગંગવાર ઉપર પણ લાગું થાય છે. તેમનું મંત્રાલય પ્રવાસી મજૂરોની સમસ્યાઓનો સામનો યોગ્ય રીતે ન કરી શક્યું. કદાચ કંઈક આજ પ્રકારની કમી પ્રકાશ જાવડેકર અને નિશંકના કામકાજમાં પણ રહી. નિશંક વિષે એમ કહેવામાં આવે છે કે એક તો તેઓ કોરોનાની ઝપટમાં આવ્યા બાદ બીમાર રહેવા લાગ્યા હતા અને બીજું, તેમનાથી કેટલીક ભૂલો પણ થઈ. જોકે મંત્રીમંડળના વિસ્તારમાં કેટલાય વરિષ્ઠ મંત્રીઓને નજરઅંદાજ કરી દેવામાં આવ્યા, તેથી વડાપ્રધાન હવે અપેક્ષાકૃત એક યુવા ટીમનું નેતૃત્વ કરતા દેખાઈ રહ્યા છે બની શકે કે હટાવવામા આવેલા મંત્રીઓને સંગઠનમાં કોઈ મહત્ત્વપૂર્ણ જવાબદારી આપવામાં આવે, પરંતુ તેમને હકાલપટ્ટીને નવા લોકોને મોકો આપવાની દ્રષ્ટિએ પણ જોવું જોઈએ. જે નવા ચહેરા લાવવામાં આવ્યા તેમાંથી મોટાભાગના પહેલી વાર કેન્દ્રમાં મંત્રી બન્યા છે. પડકારજનક સ્થિતિમાં નવા ચહેરાઓને આગળ કરીને વડાપ્રધાન મોદીએ એ સંદેશ આપ્યો કે ભાજપ ભવિષ્યનું વિચારે છે. મંત્રીમંડળમાં સામેલ લોકો માટે આનાથી બહેતર બીજું કશું જ ન હોય કે તેમને મોદીના નેતૃત્વમાં શીખવા અને કામ કરવાનો મોકો મળે, જે આજના દિવસે સૌથી બહેતર રાજકીય સમજ ધરાવતું વ્યક્તિત્વ છે. સચોટ રાજકીય સમજ મામલે તેમનો કોઈ જોટો નથી. આશ્ચર્ય નહીં કે તેમણે મંત્રીમંડળ વિસ્તાર દ્વારા નવી પેઢીના નેતાઓને તેના માટે આગળ કર્યા હોય, જેથી ભવિષ્યના પણ ભાજપનો પાયો નાખી શકાય.

# શાકાહારી લોકો માટે બેસ્ટ છે આ ફૂડ્સ નોનવેજ કરતા વધુ હેલ્ધી અને પ્રોટીનથી ભરપૂર



નોનવેજ ફૂડ્સ એટલે કે, ચિકન, મટન અને સાથે જ ઈંડામાં ભરપૂર પ્રમાણમાં પ્રોટીન અને પોષક તત્વો રહેલાં છે. એટલે જ મોટાભાગના લોકો ખાસ કરીને પ્રોટીન માટે નોનવેજ ફૂડ્સ વધુ ખાતાં હોય છે. નોનવેજ ખાતાં લોકો માને છે કે તેનાથી જ શરીરને શક્તિ મળે છે અને બોડી હેલ્ધી રહે છે. પણ કેટલાક વેજિટેરિયન પણ એવા ફૂડ્સ છે જેમાં નોનવેજ કરતાં વધુ ફાયબર, કેલ્શિયમ અને આયર્ન હોય છે.

**કોળાના બીજ** : કોળાના બીજમાં ચિકનની તુલનામાં સોયાબીનમાં અન્ય પોષક તત્વો પણ વધારે હોય છે. ૧ કપ કોળાના બીજમાં લગભગ ૧૮ ગ્રામ ફાયબર હોય છે. તેના સેવનથી કબજિયાતની સમસ્યા થતી નથી અને પેટ સાફ રહે છે.

**ખસખસ** : મટનમાં ડાયટરી ફાયબર બિલ્કુલ નથી હોતું ત્યાં ૧ કપ ખસખસમાં લગભર ૧૯.૫ ગ્રામ ડાયટરી ફાયબર હોય છે. ખસખસને ડાયટમાં સામેલ કરીને શરીરમાં ફાયબરની કમીને દૂર કરી શકાય છે.

**અળસીના બીજ** : જો તમે વેજિટેરિયન છો અને આયર્નની કમીથી પરેશાન છો તો આજથી જ રોજ ડાયટમાં ૨ ચમચી અળસીના બીજ ખાવાનું શરૂ કરી દો. ૧ કપ અળસીના બીજમાં ૯.૬ મિગ્રા આયર્ન હોય છે. જ્યારે ૧ કપ મટનમાં માત્ર ૧.૬ મિગ્રા આયર્ન હોય છે.

**બદામ** : નોનવેજમાં પ્રોટીન સિવાય ફાયબર, કેલ્શિયમ અને આયર્ન પણ સારી માત્રામાં હોય છે. આજ કારણથી ડોક્ટર બોડીમાં પોષક તત્વોની કમીને દૂર કરવા માટે ચિકન અને મટન ખાવાની સલાહ આપે છે. પરંતુ શું તમે જાણો છો કે બદામ હાઈપ્રોટીન હોવાની સાથે આ એક બેસ્ટ વેજિટેરિયન સુપરફૂડ છે. ૧ બાઉલ બદામમાં ૩.૭ મિગ્રા આયર્ન, ૧૨ ગ્રામ ફાયબર, ૨૬૪ મિગ્રા કેલ્શિયમ હોય છે. જે રોસ્ટેડ ચિકન અને મટન કરતાં વધારે હેલ્ધી છે.

**સોયાબીન** : તમને જાણીને હેરાની થશે કે ૧ કપ કાચાં ચિકનમાં ૪૩.૧૩ ગ્રામ પ્રોટીન હોય છે જયારે ૧ કપ સોયાબીનમાં ૬૮ ગ્રામ પ્રોટીન હોય છે. આ સિવાય ચિકનની તુલનામાં સોયાબીનમાં અન્ય પોષક તત્વો પણ વધારે હોય છે.

# કેન્દ્ર સરકાર ફરી એકવાર કોવિશીલ્ડના ૨ ડોઝ વચ્ચેનું અંતર ઘટાડશે

નવી દિલ્હી તા.૭

કેન્દ્ર સરકાર દ્વારા કોવિશિલ્ડ રસીના બે ડોઝ વચ્ચેનો તફાવત ફરી એકવાર ઘટાડી શકાય છે. જો કે, આ તફાવત માત્ર ૪૫ વર્ષ કે તેથી વધુ વયના લોકો માટે ઘટાડવામાં આવશે. મિડિયા રિપોર્ટ મૂજબ, આ અંગેનો નિર્ણય આગામી બે સપ્તાહમાં લઈ શકાય છે. કોવિડ-૧૯ વર્કિંગ ગ્રુપના ચેરમેન ડો. એન.કે. અરોડાએ એક મુલાકાતમાં આ વાત કહી છે. આ નિર્ણય વૈજ્ઞાનિક પુરાવાના આધારે લેવામાં આવશે. હાલમાં, તમામ પુખ્ત વયના લોકો કોવિશિલ્ડ રસીનો પ્રથમ ડોઝ પ્રાપ્ત કર્યા પછી ૧૨ થી ૧૬ અઠવાડિયાના અંતરે બીજી રસી લગાવી રહ્યા છે. દેશમાં રસીકરણની શરૂઆતમાં આ અંતર ૪ થી ૬ અઠવાડિયા સુધી રાખવામાં આવ્યું હતું. આ પછી ૪ થી ૮ અઠવાડિયા અને પછી ૧૨ થી ૧૬ અઠવાડિયા સુધી લંબાવવામાં આવ્યું હતું. શરૂઆતમાં, બે ડોઝ વચ્ચેના તફાવત વિષે કોઈ વિવાદ નહોતો, પરંતુ જ્યારે આ તફાવત ૧૨ થી ૧૬ અઠવાડિયા સુધી લંબાવવામાં આવ્યો, ત્યારે તેને રસીઓના અભાવ સાથે પણ જોડવામાં આવ્યો હતો. જો કે, સરકારે કહ્યું કે આ નિર્ણય રસીઓના અભાવને કારણે નહીં પરંતુ રસીની અસરને કારણે લેવામાં આવ્યો છે. નિષ્ણાંતોને ટાંકીને સરકારે કહ્યું કે, બે ડોઝ વચ્ચેના અંતરને કારણે વધુ એન્ટિબોડીઝ પેદા થાય છે. નિષ્ણાંતોએ કહ્યું કે પ્રથમ ડોઝથી એન્ટિબોડીઝ વધુ પેદા થાય છે. આવી સ્થિતિમાં બીજો ડોઝ મોડો આપવો જોઈએ જેથી પ્રથમ ડોઝ તેનું કામ કરી શકે. જો કે, કેન્દ્ર સરકાર દ્વારા અંતર વધાર્યાના થોડા દિવસો પછી જ એક નવી સ્ટડી બહાર આવી. જેમાં એવું કહેવામાં આવ્યું કે, કોવિશિલ્ડનાં પ્રથમ ડોઝ કરતાં વધુ એન્ટિબોડીઝ પેદા થતી હોવાનું અનુમાન સંપૂર્ણપણે સાચું નથી. નોંધનીય છે કે, અત્યારે દેશમાં કોવિશિલ્ડ, કોવૈક્સિન અને સ્પુતનિક રસી આપવામાં આવી રહી છે. દરમ્યાન, દેશમાં કોરોનાની ત્રીજી લહેરનો ભય તીવ્ર બન્યો છે. છેલ્લા ઘણા દિવસોથી દેશમાં ૪૦,૦૦૦ થી વધુ નવા કોરોના કેસ મળી રહ્યા છે.

# તહેવારોમાં ખાંડ અને એક લિટર કપાસિયા તેલનું તા.૧૫મીથી વિતરણ શરૂ કરી તા.૩૧મી સુધી આપવામાં આવશે

ગાંધીનગર તા.૭

સાતમ-આઠમનો તહેવાર નજીક આવિ રહ્યો છે ત્યારે જીવનજરૂરી ચીજ વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. જેથી જરૂરીયાતમંદ લોકો આનંદથી તહેવારની મજા માણી શકે સ્વાદિષ્ટ વ્યંજનો બનાવ શકે તે માટે રાજય સરકાર દ્વારા લાભાર્થીઓને એક લીટર કપાસીયા તેલ અને એક વ્યક્તિ દિઠ ૩૫૦ ગ્રામ ખાંડનું વિતરણ કરાશે. નિવાસી અધિક કલેક્ટર કેતન ઠકરારે જણાવ્યું હતું કે, આગામી બે-ત્રણ દિવસમાં તમામ સસ્તા અનાજની હકાનો ઉપર રાશનનો જથ્થો પુરતા પ્રમાણમાં પહોંચાડી દેવામાં આવશે અને તા.૧૫મીથી તમામ દુકાનો ઉપર એક લીટર કપાસિયા તેલ અને ૩૫૦ ગ્રામ ખાંડનું વિતરણ કરવામાં આવશે. આ વિતરણ તા.૩૧મી ઓગષ્ટ સુધી કરવામાં આવશે અન્ય ચીજવસ્તુ પણ વિતરણ કરવામાં આવશે. વધુમાં જણાવ્યું હતું કે, તેલનું વિતરણ માત્ર તહેવારને ધ્યાનમાં રાખી કરાશે તેમજ ખાંડ પણ તહેવાર પુરતી જ વિતરણ કરાશે જેમાં એક પરિવારમાં ૩ થી વધુ વ્યક્તિઓ હશે તેને વ્યક્તિદિઠ ૩૫૦ ગ્રામ ખાંડ વધારાની આપવામાં આવશે હાલ તેલનો ભાવ વધુ હોય સામાન્ય લોકોને પરવડે નહીં તેમજ તેમનો તહેવાર ન બગડે તે માટે કાર્ડધારકો માટે આ વ્યવસ્થા કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા ભાજપના ગુજરાતમાં પાંચ વર્ષના શાસનની ઉજવણી અંતર્ગત અન્નોત્સવ કાર્યક્રમ યોજાયો હતો જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા. ત્યારે ૨૫ જેટલા લાભાર્થીઓને સ્થળ ઉપર જ અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેને પણ અઠવાડિયા જેટલો સમય વિતવા છતા પણ હજુ સુધી પુરૂ અનાજ વિતરણ કરાયું નથી. અગાઉ પણ કોરોનામાં મફત અનાજ વિતરણની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ આજદિન સુધી ૭૫ ટકાથી વધુ દુકાનમાં રાશનનો પુરતા પ્રમાણમાં જથ્થો જ પહોંચ્યો નથી અને કાર્ડધારક લાભાર્થીઓને દી ઉગેને દુકાનનો ધક્કો ખાવો પડી રહ્યો હતો. ત્યારે આ જાહેરાત બાદ પણ ચર્ચા થઈ રહી છે કે, અનાજ લાભાર્થીઓને મળશે કે નહીં ?

# મગજને ખોલ્યા વગર મગજની નસની મોરલીની ન્યુરો-એન્ડોવાસ્કુલર પધ્ધતિ દ્વારા સફળતાપૂર્વક સારવાર

## સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટનાં ન્યુરો-સર્જન ડો. ગૌરાંગ વાઘાણી અને ડો. હાર્દ વસાવડાની સિધ્ધી

(પંકજ ઝિબા દ્વારા)

રાજકોટ તા.૭

મેડિકલ સારવારમાં આધુનિક મેડિકલ સાયન્સનું યોગદાન ખૂબ નોંધનીય છે. નવિન રીસર્ચ અને સારવાર પધ્ધતિઓમાં સંશોધનો થવાથી વિવિધ બીમારીની સારવાર વધારે સચોટ અને અસરકારક બની રહે છે. પરિણામે દર્દીને તેનાં અનેક ફાયદાઓ મળે છે. મગજની લોહીની નળીઓમાં થતી સમસ્યાઓ માટે અત્યાધુનિક પધ્ધતિ અર્થાત એન્ડોવાસ્કયુલર ટ્રીટમેન્ટ આર્શીવાદ રૂપ પુરવાર થઈ છે. આ સંદર્ભમાં સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટમાં સારવાર માટે આવેલા દર્દી દિપકભાઈનો કિસ્સો ઉદાહરણરૂપ છે. દિપકભાઈને અચાનક માથામાં દુ:ખાવો, બોલવાની શકિત ઓછીથઈ જવાથી અત્રે હોસ્પિટલમાં નિદાન કરાવતા મગજમાં હેમરેજ થયાનું માલુમ પડયું. ઉંડાણપૂર્વકની તપાસમાં ન્યુરોસર્જન ડો. ગૌરાંગ વાઘાણી અને ડો. હાર્દ વસાવડાએ મગજની એન્જીયોગ્રાફી કરી જેમાં, મગજની લોહીની નળીમાં મોરલી (એન્યુરીઝમ)નું નિદાન સામે આવ્યું હતું. આ સમસ્યામાં ખૂબ આધુનિક સારવાર માટે ડોકટરે તેઓને એન્ડોવાસ્કયુલર સારવારનો વિકલ્પ આપી તેનાં ફાયદાઓ સહિત તમામ પાસાઓ વિસ્તારપૂર્વક સમજાવેલા અને સાથે સાંત્વના આપી હતી. અલબત્ત, આ બંને પધ્ધતિઓ સમજયા બાદ દર્દીનાં પરિવારજનોએ આધુનિક એન્ડોવાસ્કયુલર પધ્ધતિ દ્વારા સારવાર લેવાનું પસંદ કર્યુ હતું. આ નવિનતમ પધ્ધતિમાં પગમાંથી લોહીની નળીમાં તાર દ્વારા પ્રવેશ કરી, તેને મગજ સુધી લઈ જવામાં આવે છે, જયાં દર્દીનાં મગજની નળીની મોરલી (એન્યુરીઝમ) માં કંટુર નામનું ડીવાઈસ મુકવામાં આવ્યું હતું.

આ એક મોરલી (મગજની ફૂલી ગયેલી નસ)નાં મુખમાં આવતું સ્પેશિયલ ફલો ડાઈવર્ટર છે. જે મોરલી (મગજની ફૂલી ગયેલી નસ)માં જતું લોહી અટકાવી અને તેની સારવાર કરે છે. ખાસ કરીને આ ડીવાઈસને બાયફરકેશન એન્યુરીઝમ એટલે કે મુખ્ય નળીનાં વિભાજન થઈ શાખા પડતી હોય એ જગ્યાએ ઉપયોગમાં લેવામાં આવે છે. આ સારવાર પછી દર્દી સંપૂર્ણપણે ભાનમાં આવેલ હતા તથા હોસ્પિટલમાં ટુંકા રોકાણ બાદ સંપૂર્ણ સ્વસ્થ થતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આમ આ અત્યાધુનિક પધ્ધતિ અનેક રીતે દર્દી માટે ફાયદારૂપ છે. દર્દીને હોસ્પિટલમાં થતું રોકાણ ઓછું થાય છે. તથા જટિલ એન્યુરીઝમમાં પણ જોખમ ઓછું રહે છે. મગજનાં ઓપરેશનમાં થતા જોખમો મહદ અંશે ટાળી શકાય છે.

# અંબાજી માતાજીનાં દર્શન કરી ભાવવિભોર બનતા મંત્રી કિશોર કાનાણી



જૂનાગઢ તા.૭

જૂનાગઢ ગિરનાર ઉપર બીરાજમાન જગત જનની માં અંબાજી માંની શક્તિ પીઠ અંબેમાંના દર્શન કરવા પધારેલા રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી કિશોરભાઈ કાનાણીએ માતાજીના દર્શન કરી ધન્ય બન્યા હતા. મંદિર ટ્રસ્ટ દ્વારા મહંત તનસુખગીરી બાપુ અને મહંત ગણપતગીરી બાપુ વતી મંદિરના પૂજારીઓએ મંત્રીને પૂજા-અર્ચન સાથે માતાજીની ચૂંદડી પ્રસાદ રૂપે પહેરાવી રૂડા આશિર્વાદ આપ્યા હતા. ગિરનાર ઉપર પહેલી વખત પધારેલા મંત્રી કાનાણીએ મંદિરનો મહિમા અને મંદિર પરિસરના વિકાસ માટે અને યાત્રિકોની સુખાકારી માટે સરકાર કટીબધ્ધ છે તેવી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

# જૂનાગઢ : કાશ્મીરીબાપુનાં આશ્રમની મુલાકાતે પૂ. લાલબાપુ

જૂનાગઢ તા. ૮

જૂનાગઢનાં ભવનાથ જંગલ વિસ્તારમાં આમકુબીટમાં આવેલ દાતારેશ્વર મહાદેવનાં મહંત પૂ. કાશ્મીરી બાપુની મુલાકાતે રાજકોટ જીલ્લાનાં ઉપલેટા તાલુકાનાં ઢાંક ગામે આવેલ ગાયત્રી મંદિરનાં મહંત પૂ. લાલબાપુ અને રાજબાપુ તેમના અનુયાયી સાથે પધારેલ



ત્યારે સંતોની પરંપરા મુજબ પૂ. કાશ્મીરી બાપુ વતી ફુલહાર પહેરાવી લાલબાપુનું જીતુભાઈ પંડયાએ સ્વાગત કર્યુ હતું. અને બંને સંતો એકબીજાને મળી ભાવવિભોર બન્યા હતાં.

# જૂનાગઢનાં વોર્ડ નં.૯માં ૨૦૦ લાભાર્થીઓને અન્નની કીટ અર્પણ કરાઈ

જૂનાગઢ તા.૭

જૂનાગઢના પ્રથમ નાગરીક મેયર ધીરૂભાઈ ગોહેલના અધ્યક્ષ સ્થાને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે વિવિધ પ્રજાલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. સમગ્ર રાજયમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત અન્ન ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેના ભાગરૂપે જૂનાગઢ વોર્ડ નંબર ૯માં લોહાણા મહાજન વાડી ખાતે મેયર ધીરૂભાઈ ગોહેલ, નાયબ કમિશ્નર જે.એન. લિખિયા, રેવન્યુ તલાટી પ્રવિણાબેન ઢોલા, જૂનાગઢ મહાનગર ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી રેહાનખાન બાબી, જૂનાગઢ મહાનગર ભાજપ આઈ.ટી.સેલના કન્વીનર ગૌરવભાઈ રૂપારેલીયા, સેનેટરી ઈન્સ્પેકટર ભરતભાઈ ગોસ્વામી



તેમજ સસ્તા અનાજના દૂકાનદારો અલ્પેશ ગોરડીયા, કુણાલભાઈ, હાર્દિક નંદાણીયા, નીરવ નિર્મલની ઉપસ્થિતિમાં અન્ન ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દીક સ્વાગત જૂનાગઢ મહાનગર ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી રેહાનખાન બાબી દ્વારા કરવામાં આવેલ હતું. પ્રોગામનું સંચાલન ગૌરવભાઈ રૂપારેલીયાએ કરેલ હતું અને પ્રાસંગિક ઉદ્બોધન કરતા મેયરે જણાવ્યું હતું કે, અન્ન ઉત્સવ નીમીતે સમગ્ર રાજયમાં અન્ન વિતરણ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

અંત્યોદય એટલે કે છેવાડાના માનવી સુધી સરકારનું અન્ન પહોંચે સૌને અન્ન સૌને પોષણનો નારો સાર્થક થાય તે હેતુથી આયોજન કરેલ હતું અને ચાર દુકાનદારોના ૨૦૦ લાભાર્થીઓને મેયર, નાયબ કમિશ્નર અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અન્નની કીટ અર્પણ કરવામાં આવેલ હતી.

# કેશોદમાં મુસ્લિમ આગેવાનોએ પીએસઆઈ સમક્ષ લેખિતમાં ફરીયાદ કરી

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૭

બે દિવસ પહેલા કેશોદમાં બસ સ્ટેશન રોડ ઉપર રેકડી ધારકો સાથે અન્ય બે વ્યક્તિઓ વચ્ચે સામસામી મારા મારીનો બનાવ બન્યો હતો. જે બનાવ અંગે રેકડી ધારકો વિષય ફરીયાદ થયેલી ત્યાર બાદ કરણી સેના દ્વારા રેલી યોજવામાં આવી હતી. જે બનાવ અંગે મુસ્લિમ આગેવાનોએ પીએસઆઈ સમક્ષ લેખિતમાં ફરીયાદ નોંધાવી છે. કેશોદમાં બનેલ ઘટના બાબતે લેખિતમાં પોલીસને ફરિયાદ કરવામાં આવેલ હતી જેના અંતર્ગત મુસ્લિમ સમાજના નાના વર્ગના લોકોને નુકશાન પહોંચાડેલ, સમાજ અને ધર્મ વિષે લાગણી દુભાય તેવા પ્રયત્નો કરવા વાળા સામે કડક પગલા



લેવામાં આવે તે માંગ સાથે લેખિતમાં ફરિયાદ કરવા આવી છે. કેશોદ પીએસઆઈને લેખીતમાં ફરીયાદ સમયે મુસ્લિમ સમાજ કેશોદના પ્રમુખ-ઈશાભાઈ દાતારી, અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ ફકીર સમાજના પ્રમુખ ઈરફાનશાહ સોહરવર્દી, ઓલ ગુજરાત મુસ્લિમ મંચ જૂનાગઢ જિલ્લા પ્રમુખ અલીભાઈ સાંધ, ઓલ ગુજરાત મુસ્લિમ મંચ ગુજરાત પ્રદેશ મંત્રી અબ્દુલકાદિર મીર સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં કેશોદ પોલીસ સ્ટેશને પીએસઆઈને લેખીતમાં ફરીયાદ કરી છે.

# રાજયમાં ૧૫ દિવસમાં ગેરકાયદેસર બાયોડીઝલનાં કુલ ૧૦૩ ગુના નોંધાયા : ૮૫ આરોપી ઝડપાયા

ગાંધીનગર તા. ૭

ગુજરાત રાજયનાં ડીજીપીનાં આદેશ અનુસાર દરેક જીલ્લા શહેર દ્વારા સ્થાનિક કક્ષાએ અલગ અલગ ટીમો બનાવીને બાયોડીઝલ વેચતા પંપ કે અન્ય સ્થળોએ રેડ કરવામાં આવેલ છે. આ અંગે અસરકારક કામગીરી કરી તા. ૧૬-૭-૨૧ થી તા. ૩૧-૭-૨૧ સુધીમાં એટલે કે છેલ્લા ૧૫ દિવસમાં કુલ ૧૦૩ ગુનાઓ દાખલ કરી કુલ ૮૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

# કેન્દ્રીય મોવડી મંડળે ગુજરાત ભાજપમાં 'આંતરિક સર્વે' શરૂ કર્યો

ગાંધીનગર તા.૭

આવતા વર્ષે થનારી વિધાનસભા ચૂંટણી માટેની તૈયારીમાં લાગેલ ભાજપા પોતાની સત્તાવાળા બે રાજ્યો ગુજરાત અને ગોવા બાબતે પણ સંપૂર્ણ સતર્કતા રાખી રહી છે. ગોવામાં વર્ષની શરૂઆતમાં અને ગુજરાતમાં વર્ષના અંતમાં ચૂંટણી થવાની છે. પક્ષે અત્યારથી જ બન્ને રાજ્યોના આંતરિક રિપોર્ટ મંગાવવાના શરૂ કરી દીધા છે. ભાજપા પ્રમુખ જે.પી.નડ્ડાએ થોડા દિવસો પહેલા ગોવાનો પ્રવાસ પણ કર્યો હતો અને જમીની સ્થિતીની માહિતી મેળવી હતી. આવતા વર્ષે થનારી વિધાનસભા ચૂંટણીઓમાં યુપી મોટું રાજ્ય હોવાથી બધાનું ધ્યાન તેના ઉપર છે પણ અન્ય ચૂંટણીવાળા રાજ્યો પણ તેની રણનીતિમાં સામેલ છે. તેમાં પણ તેની સત્તાવાળા રાજ્યો ઉપર ખાસ ધ્યાન અપાઈ રહ્યું છે. ગોવા વિધાનસભાની ચૂંટણી યુપી, ઉત્તરાખંડ, પંજાબ, મણિપુરની આવતા વર્ષની શરૂઆતમાં જ થવાની છે.

## સાધુ-સંતોની ઉપસ્થિતીમાં

# જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે સોમવારથી સદ્ગુરૂ ત્રિકમદાસ બાપુ કાયમી અન્નક્ષેત્રનો પ્રારંભ થશે




જૂનાગઢ તા. ૭

જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે પ્રજાપતિ એકતા ભવન ભારતી આશ્રમ ખાતે આવેલ સદ્ગુરૂ ત્રિકમદાસબાપુના કાયમી અન્નક્ષેત્રનો તા.૯-૮-૨૧ ને સોમવાર સવારે ૯ કલાકે શ્રાવણ માસના પ્રથમ દિવસે પ્રારંભ થશે.

વડવાળા મંદિર દુધરેજના (મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ કનિરામદાસજી ચાંપરડાના પૂ.મુકતાનંદબાપુ, પૂ.શેરનાથબાપુ, પૂ.નિર્મળાબા કબીરધામના શિવરાજદાસજી તોરણીયાના પૂ.રાજેન્દ્રદાસબાપુ, પૂ.ઈન્દ્રભારતીબાપુ, સતાધારથી પૂ.વિજયબાપુ, હરીહરનંદ ભારતીબાપુ, મહાદેવગીરીબાપુ સહિત સંતોના કરકમળો દ્વારા આ અન્નક્ષેત્રનો પ્રારંભ થનાર છે. આ સમગ્ર કાર્યક્રમને સરકારશ્રીની કોવિડ ગાઈડલાઈન મુજબ યોજાશે જેને સફળ બનાવવા મહામંડલેશ્વર જગજીવનદાસબાપુ, નાના મહંત વિશ્વેશદાસબાપુ, મયુરબાપુ અને સેવક સમુદાય જહેમત ઉઠાવી રહયો છે.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ઘરનું ઘર અપાશે

જૂનાગઢ, તા.૭

સમગ્ર રાજ્યમાં લોકહિતના ચાલી રહેલ સેવા યજ્ઞ અન્વયે જૂનાગઢ જિલ્લામાં તા.૧ થી ૯ ઓગસ્ટ સુધીના શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયું છે. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં સાતમાં દિવસે એટલે કે તા.૦૭/૦૮/૨૦૨૧ના રોજ વિકાસ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે. ૭ ઓગષ્ટ વિકાસ દિવસ અન્વયે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બીએલસી ઘટકના લાભાર્થીઓને સ્મૃતિ પત્રક તથા આવાસની પ્રતિકાત્મક ચાવી એનાયત કરવામાં આવેલ. આ ઉપરાંત કોરોના વોરિયર્સનું સન્માન તેમજ મેડીકલ સાધનોનું લોકાપર્ણ કરવામાં આવેલ. આ કાર્યક્રમ સવારે ૯.૩૦ કલાકે શામળદાસ ગાંધી ટાઉન હોલ ખાતે મેયર ધીરૂભાઈ ગોહેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

શહેરના વોર્ડ નં.૧૧ તીરૂપતિ સોસાયટીમાં બ્રીજનું લોકાપર્ણ, વોર્ડ નં.૧માં સક્કરબાગથી લઈ માર્કેટીંગ યાર્ડ, આંબેડકર ચોક સુધી બનાવેલ સીસીરોડનું લોકાપર્ણ સાંજે ૪-૦૦ કલાકે યોજાશે.

# ડ્રાઈવિંગ લાયસન્સના નિયમોમાં ફેરફાર, હવે ખાનગી કંપનીઓ-એનજીઓ પણ ડ્રાઈવિંગ લાયસન્સ આપી શકશે

નવી દિલ્હી તા.૭

હવે ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવું ખૂબ જ સરળ બની ગયું છે. સડકપરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ડ્રાઈવિંગ લાઈસન્સ બહાર પાડવા માટે વર્તમાન નિયમોમાં ફેરફાર કરીને તેને સરળ બનાવી દીધા છે.

નવા નિયમ પ્રમાણે ખાનગી વાહન ઉત્પાદકો, ઓટોમોબાઈલ અસોસિએશન, એનજીઓ કે કાયદાકીય ખાનગી ફર્મો સહિતની વિવિધ સંસ્થાઓને માન્યતા પ્રાપ્ત ડ્રાઈવર પ્રશિક્ષણ કેન્દ્ર ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે. સાથે જ તેઓ નિર્ધારિત પ્રશિક્ષણ પાઠ્યક્રમ પૂર્ણ કરનારા લોકોને ડ્રાઈવિંગ લાઈસન્સ પણ આપી શકશે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે આ મામલે સૂચના પણ બહાર પાડી દીધી છે. મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા દિશા-નિર્દેશો પ્રમાણે ડ્રાઈવિંગ લાઈસન્સ ફાળવવાની નવી સુવિધા સાથે ક્ષેત્રીય પરિવહન કાર્યાલયો (આરટીઓ) દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સ ફાળવવાની પ્રક્રિયા પણ ચાલુ રહેશે. મંત્રાલયે ૨ ઓગષ્ટ, ૨૦૨૧ના રોજ પોતાના નિવેદનમાં કહ્યું કે, માન્ય સંસ્થાઓ જેવી કે, કંપનીઓ, બિનનફાકારી સંગઠન, ખાનગી સંસ્થાઓ, ઓટોમોબાઈલ અસોશિએશન, વાહન નિર્માતા સંઘ, સ્વાયત્ત સંસ્થા, ખાનગી વાહન નિર્માતા ચાલક પ્રશિક્ષણ કેન્દ્ર (ડીટીસી)ની માન્યતા માટે અરજી કરી શકશે. માન્યતા પ્રાપ્ત કેન્દ્રોએ ઓનલાઈન પોર્ટલ બનાવવું પડશે જેમાં પ્રશિક્ષણ કેલેન્ડર, ટ્રેનિંગ કોર્સ સ્ટ્રક્ચર, પ્રશિક્ષણના કાર્યો અને કાર્ય દિવસોની જાણકારી આપવી પડશે. આ ઓનલાઈન પોર્ટલમાં પ્રશિક્ષણ-પ્રશિક્ષિત લોકોની યાદી, પ્રશિક્ષકોની ડિટેઈલ્સ, ટ્રેઈનિંગના પરિણામો, ઉપલબ્ધ સુવિધા, રજાઓની યાદી, ટ્રેઈનિંગ ફીસ વગેરે જાણકારીઓ પણ આપવી પડશે.

# ઉનામાં આધારકાર્ડની કામગીરી થતી ન હોય તંત્ર સામે ભારે રોષ

ઉના તા.૭

ઉના શહેરમાં છેલ્લા ઘણા સમયથી આધાર કાર્ડની કામગીરી થતી ન હોવાના કારણે વાલીઓ પોતાના બાળકોને શાળામાં એડમીશન માટે આધાર કાર્ડ ફરજિયાત હોય જેથી આ બેંકમાં સુધારાવધારા તેમજ નવા કઢાવવા પહોંચતા ત્યાં રોજે રોજ ધક્કા ખવડાવતા હોય જેથી કંટાળી જઈ મહિલાઓ સહિત લોકો મામલતદાર કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા. સરકારી, ખાનગી બેંકો તેમજ પોસ્ટ ઓફિસ ખાતે આધાર કાર્ડની કામગીરી કરવામાં આવતી હોય પરંતુ છેલ્લા ઘણા માસથી આધાર કાર્ડની કામગીરી થતી ન હોવાથી દૂર-દૂરના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા લોકો અને બાળકો હેરાન પરેશાન બની રહ્યા છે. એસબીઆઈ બેંકમાં બેઠી આધાર કાર્ડની કામગીરી કરતા ખાનગી એજન્સીના માણસો મનફાવે ત્યારે ચાલ્યા જતાં હોવાના કારણે ગ્રામ્ય વિસ્તારના લોકો પોતાના આધાર કાર્ડમાં સુધારા વધારા કરાવવા માટે રોજ ધક્કા ખાઈ રહ્યા છે. એસબીઆઈ બેંકમાં એજન્સીના કર્મી દ્વારા રોજ ધક્કા ખવડાવતા હોવાના આક્ષેપ સાથે મહિલાએ રોષ વ્યક્ત કરેલ અને ત્યાં પગપાળા ચાલી મામલતદાર કચેરી ખાતે પહોંચી હલ્લાબોલ કરેલ હતો અને આ બાબતે મોખિક રજૂઆત કરતા નાયબ મામલતદાર પ્રજાપતિએ આધાર કાર્ડની કામગીરીને કંઈ લાગે વળગે નહીં તેવું જણાવતા તમામ મહિલાઓએ સરકાર વિરૂદ્ધ સૂત્રોચાર કરી રોષ વ્યકત કરેલ હતો. ત્યારે વહીવટી તંત્ર દ્વારા આધાર કાર્ડમાં સુધારા-વધારાની કામગીરી તાત્કાલિક થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ઉનામાં મુખ્યમંત્રીના જન્મદિને..

# ભાજપના આગેવાનની ભૂંડી ભૂમિકાથી રસીકરણનો કાર્યક્રમ માત્ર પરિચિતો માટેનો બની રહ્યો!



ગીરગઢડા તા. ૭

ગુજરાત રાજ્યની રૂપાણી સરકાર પાંચ વર્ષ પૂરા થવાની ઉજાણી કરી રહી છે. જ્યારે બીજી તરફ આવા અવસરે ભાજપના બેશરમ હોદ્દેદારો આપદાને તક માની અને નૈતિક અધ:પતન નોતરી સરકારની આબરૂને લૂણો લગાડી રહ્યાં હોય તેવી ઘટના ઉનામાં સામે આવી છે. ઉનામાં મુખ્યમંત્રીના જન્મદિવસે સેવાસેતુ કાર્યક્રમ અંર્તગત જાહેર જનતાના લાભાર્થે યોજાયેલ વેકસીનેશનના કાર્યક્રમમાં શહેર ભાજપના મહામંત્રી સુનીલ મુલચંદાણીએ પોતાના સગા-સંબંધી અને લાગતા વળગતાઓને આડેથી ડોઝ અપાવતા ઉહાપોહ થયો હતો. જેમાં વેકસીનનો ડોઝ લેવા લાઈનમાં ઉભેલા લોકોએ ભાજપના આગેવાન ઉપર ગંભીર આક્ષેપો કર્યા હતા.

રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીના જન્મદિવસે ઉના શહેરમાં સેવાસેતુના આયોજનમાં લોકોને વેકસીનના ડોઝ આપવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. જેથી ડોઝ લેવા વહેલી સવારથી જ લોકો લાઈનમાં ઉભા રહીને વેકસીનનો ડોઝ લઈ રહ્યા હતા. દરમિયાન શહેર ભાજપના મહામંત્રી સુનીલ મુલચંદાણીએ કામગીરી કેવી ચાલે છે? તેવા બહાના હેઠળ રસીકરણ કેન્દ્રમાં પ્રવેશ કરી પૂછપરછ કરી સીન-સપાટા કર્યા હતા. બાદમાં મહામંત્રી સુનીલ મુલચંદાણીએ તેમના નજીકના પરિચિતો અને સંબંધીઓને વિવેક કે નિયમાનુસાર કતારમાં ઉભા રાખવાના બદલે આડેથી જ ડોઝ અપાવવાનું શરૂ કર્યુ હતુ. એ સમયે કેન્દ્રમાં ફરજ ઉપર હાજર આરોગ્યવિભાગના કર્મચારીઓ લાચાર અને નિ:સહાય હોય તેમ સતાધારી પક્ષ ભાજપના આગેવાનને આવું ન કરવા વિનવણી કરી હતી. તેમ છતાં પણ ન માનતા એ સમયે ડોઝ માટે લાંબા સમયથી લાઈનમાં ઉભેલા વૃદ્ધો અને મહિલાઓ સહિતના લોકોએ ભારે ઉહાપોહ મચાવ્યો હતો. એક તબકકે ભાજપના આગેવાનને અમુક લોકો સાથે બોલાચાલી પણ થઈ હોવાનું હાજર લોકો પાસેથી જાણવા મળ્યું છે.

કોરોનાની થર્ડ વેવની ભયાવહ ભીતિ સામે રસીકરણ માટે આમ જનતા પીસાઈ રહી છે. શહેરમાં કે નજીકના કેન્દ્રમાં વારો ન આવે તો દૂર સુધી ધક્કા ખાઈ રહી છે. ત્યારે ભાજપના કાર્યકરો પોતાના અંગત સ્વાર્થ સાધવામાં વ્યસ્ત છે. ઉનામાં ભાજપના જ જવાબદાર ગણાતા હોદ્દેદાર મહામંત્રી સુનીલ મુલચંદાણી દ્વારા ભેદભાવભરી નીતિ અપનાવી પોતાના સગા-સબંધી અને લાગતા વળગતાઓને કતારમાં સવારથી જ ઉભેલા અશકત-વૃદ્ધો સહિતના લોકો સાથે અન્યાય કરીને પોતે જ શિસ્તબદ્ધ પાર્ટીની આબરૂના લીરેલીરા ઉડાડી શરમજનક સ્થિતીમાં મૂકી જાણે વાડ જ ચિભડા ગળે એવો તાલ સર્જાયો છે. આ શરમજનક ઘટના ઘટી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ પણ સમર્થન આપ્યું છે.

એક તબકકે આવી ભાજપના કાર્યકરોની ખોટી દખલગીરીને કારણે સામાન્ય પ્રજાને ભારે હાલાકી અને અવ્યવસ્થાનો ભોગ બનવું પડેછે. રસીકરણ એક રાષ્ટ્રીય આપત્તિ હેઠળ હોય ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓને વિશેષ અધિકાર આપી વેકસીનેશનની કામગીરી ઝડપથી પૂર્ણ થવી જોઈએ. નહીં કે, ભાજપના આગેવાને સત્તાના જોરે સરકારી કામમાં અવરોધક બનવું જોઈએ. અન્યથા ત્રીજી લહેરમાં ઉના બહુ મોટા નુકસાનનું ભોગ બનશે એવી શક્યતા છે.

અત્રે નોંધનીય છે કે, ભાજપે અગાઉ આ હોદ્દેદારોને રસીકરણ કેન્દ્રનો ઈન્ચાર્જ નીમ્યો હોવાથી ત્યાં પણ આ મહાશય ઉપર આ પ્રકારની જ નિમ્ન સ્તરની અને ભાજપની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચાડતી ભૂમિકા ભજવાયાની ફરિયાદો ઉઠી હતી. એ સમયે સ્થાનિક આરોગ્યકર્મીઓએ આ બાબતે ભાજપના અન્ય આગેવાનોને જાણ કરાતાં ત્યાંથી મહામંત્રી સુનીલ મુલચંદાણીને ચેતવણી આપીને ખદેડી મુક્યો હોવાનું પણ કહેવાય છે.

હવે એપણ જોવું જરૂરી બની રહ્યું છે કે, રાજ્યના મુખ્યમંત્રીના જન્મદિવસે યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત મુખ્યપ્રધાનના સૌના સાથ, સૌના વિકાસના સૂત્રની વારંવાર હવા કાઢનાર આ મહામંત્રી સામે પાર્ટી નેતૃત્વ પગલાં લે છે કે કેમ? એ માટે શિસ્તબદ્ધ અને પરિવારવાદ વિરૂધ્ધ ઓળખ ધરાવતા પક્ષ ભાજપના નિર્ણય સામે પણ સૌની મીટ મંડાયેલી રહેશે.

# કોરોનાની ત્રીજી લહેરની ચેતવણી અપાઈ રહી છે ત્યારે વેક્સીનની અછત ઉપર ઢાંકપિછોડો

## આરોગ્ય કર્મચારીઓએ બજાવેલ ફરજને આવકારી આરામ આપવાના બહાના તળે સપ્તાહમાં બે દિવસ વેક્સિનેશન બંધ

જૂનાગઢ તા. ૭

સરકારી તંત્ર વેક્સીનેશન ઉપર ભાર મુકવા લાગેલ અને વેક્સીન તે કોરોના સામેનો જંગ જીતવામાં રામબાણ ઈલાજ હોય તેવી રીતે તેનો જે પ્રચાર કરવામાં આવ્યો ત્યારે અગમ્ય કારણોસર લોકો વેક્સીનેશન કરવવાથી દુર ભાગતા હતા પરંતુ બીજી લહેરમાં વર્તાયેલ કહેરથી મોટાભાગના લોકો આ રામબાણ ઈલાજ દ્વારા સ્વસ્થતા કેળવવા માટે આગળ આવતા સરકારી તિજોરીમાં રહેલ કોવિશિલ્ડ અને કોવેક્સીનનો સ્ટોક ખૂટી પડતા તેમાં મંદગતિ કરીને લોકોને દ્વિધામાં મુકી દીધા છે.

કોરોના સામે જે રામબાણ ઈલાજ મનાવા લાગ્યું છે તે વેક્સીનેશન માટે લોકો દરદર ભટકવા લાગ્યા છે. વેક્સીનથી મહદઅંશે સંક્રમણનો ભય દુર થતો હોવાને કારણે વેક્સીનેશન તરફ લોકો વળ્યા છે અને તેને કારણે આરંભે શૂરા બનેલ સરકાર લોૈકની માંગને સમજી ન શકતા પડોશીને નિ:શુલ્ક વેક્સીન આપી વિશ્વમાં માનવતાના દર્શન કરાવેલ છે.

જયારે આજે દેશવાસીઓને વેક્સીન ઉપર ભરોસો છે અને તે લેવા માટે અહીં તહીં ભટકી રહી છે તેમ છતાં 'ઘરના છોકરા ઘંટી ચાટે અને પડોશીને આટો' જેવી હાલત સામે આવી છે.

વેક્સીનેશનમાં સરકારની દુરંદેશીતામાં કયાંકને કયાંક થાપ જોવા મળી રહી છે. જો જોરશોરથી વેક્સીન ઉપર ભાર મુકવામાં આવ્યો અને લોકો લેવા માટે આગળ આવતા તે આજના સમયમાં મળવી મુશ્કેલ બની ગઈ છે. જયારે વેક્સીનેશનનો અભાવ છતો કરવાને બદલે જે લુલો બચાવ સામે આવી રહયો છે તેમાં દોઢ વર્ષથી આવા માટે સપ્તાહમાં એક દિવસ વેક્સીનેશન બંધ રાખવાનું નકકી કરાયેલ પરંતુ માંગ કરતા સ્ટોક ઓછો હોવાને કારણે હવે સપ્તાહમાં બે દિવસ બુધ અને રવિવારે રસીકરણનું કામ બંધ જોવા મળી રહયું છે.

સુવિદિત છે કે, આગામી ટુંક સમયમાં ત્રીજી લહેરની સંભાવના ડબલ્યુએચઓએ વ્યકત કરી છે. કેટલાક દેશોમાં તો ત્રીજી લહેર શરૂ પણ થઈ ગઈ છે. તેની સાથે કેન્દ્ર સરકારે પણ સતેજ રહેવા ચેતવણી ઉચ્ચારી છે. કોવિડ-૧૯ ના નિયમોનું પાલન કરવાનું પણ સુચન થઈ રહયુંછે તેમ છતાં કોરોનાએ છુટ આપી હોય તેમ લોકો જયાં અને ત્યાં ઉમટી પડે છે.

ભીડભાડ ઉભી કરીનો કોરોનાની ત્રીજી લહેરનો આમંત્રણ આપતા હોય તેવો માહોલ જોવા મળી રહયો છે છતાં સરકારી વિભાગીય તંત્ર મુકપ્રેક્ષક બનીને આ તમાશો જઈ રહયું છે જે આરોગ્ય કર્મચારીઓની મહેનત ઉપર પાણી ફેરવવા સમાન બને તો નવાઈ નહીં.

ખેર, એકતરફ કોરોના સામે જે અકસીર ઈલાજ મનાય છે તે વેક્સિન લેવા માટે લોકોની રઝળપાટ જોવા મળી રહી છે. રોજીંદા જે સ્ટોક આપવામાં આવી રહયા છે તે પણ અપુરતો હોવાને કારણે જરૂરીયાતમંદ લોકો સુધી પુરતો પહોંચી શકતો નથી અને તેની જે ઉણપ જોવા મળી રહી છે તેને કારણે 'કોરોના હારેગા, દેશ જીતેગા'નું સ્વપ્ન રોળાઈ તે પહેલા સતર્ક બનવાની તાતી જરૂરીયાત બની છે નહીંતર તેની અસર આગામી પરિણામ બનીને સામે આવે તો નવાઈ નહીં.

# સૂટા દ્વારા નવનિયુક્ત સિન્ડિકેટ સભ્ય પ્રો.ક્લાધર આર્યનું અદકેરૂ સન્માન



રાજકોટ તા.૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશનના પ્રમુખ અને સૌ.યુનિવર્સિટી કેમ્પસના અધ્યાપકોના પ્રશ્નો બાબતે હર હમેશાં સતર્ક રહેતા પ્રો.ક્લાધર આર્ય તાજેતરમાં એકેડેમિક કાઉન્સિલ દ્વારા સિન્ડિકેટ સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાયા છે. પ્રો.ક્લાધર આર્યની સિન્ડિકેટ સભ્ય તરીકેની વરણીથી સૌ.યુનિવર્સિટી કેમ્પસના તમામ અધ્યાપકો તેમજ યુ.જી.સી. એચ.આર.ડી.સી.ના ડાયરેક્ટર તરીકે દેશની કોલેજો અને યુનિવર્સિટી અધ્યાપક વર્ગમાં આનંદની લાગણી ફેલાણી છે. સુટાના સભ્યો દ્વારા પ્રો.આર્યનું અદકેરૂ સન્માન કરવામાં આવ્યું હતું. સુટાના મહામંત્રી ડૉ. યોગેશ જોગસણે ગુલાબનો ફુલહાર પહેરાવી પ્રમુખ પ્રોફેસર આર્યને કહ્યું કે, અધ્યાપકોના હિત, સન્માન અને ગૌરવ માટે આપે સતત ધ્યાન આપ્યું છે. હવે જયારે આપ સત્તામંડળના સર્વોચ્ચ મંડળના સભ્ય છો ત્યારે અધ્યાપક આલમની અપેક્ષા આપ સાહેબ પાસે વધી જશે.

આપ અધ્યાપકોનો સુર હંમેશા બન્યા છો હવે વિશેષ બુલંદ અવાજ બનશો એવી અપેક્ષા છે. સુટાના પૂર્વ પ્રમુખ ડો. જયદીપસિંહ ડોડીયાએ પોતાનો અનેરો રાજીપો વ્યક્ત કરીને ડો. આર્યને શોલ, બુકે અને હાર પહેરાવી સન્માનિત કર્યા હતા. ડો. જયદીપસિંહ ડોડીયાએ જણાવ્યું કે, પ્રોફેસર આર્યે પક્ષપાત વગર સુટાનું નેતૃત્વ હંમેશ માટે કર્યુ છે એવી જ રીતે સિન્ડીકેટ સભ્ય તરીકે અધ્યાપકો વતી હંમેશા હકારાત્મક કામ કરશે એવી ખાત્રી છે. પૂર્વ રજીસ્ટાર ડો. ધીરેનભાઈ પંડ્યાએ સુતરની આંટીથી ડો. આર્યને સન્માનિત કરતા પોતાની લાગણીઓ અને આનંદ વ્યક્ત કર્યો હતો. સુટાના ખજાનચી ડો. અશ્વિનભાઈ સોલંકીએ શોલ દ્વારા સન્માનિત કરીને પોતાનો રાજીપો અને શુભકામનાઓ વ્યક્ત કરેલ હતી. સુટાના સહમંત્રી ડો. રેખાબા જાડેજાએ પ્રોફેસર આર્યને પુસ્તક અર્પણ કરીને સન્માનિત કરેલ હતા. હોમસાયન્સના જોશીજીએ પોતાનો ભાવ પ્રગટ કરીને ઉમળકાથી પ્રોફેસર આર્યને વધામણીઓ આપેલ હતી. સુટાના દરેક સદસ્ય પ્રોફેસર આર્ય સિન્ડીકેટ મેમ્બર બનતા હરખની લાગણીઓ અનુભવી હતી.

# રાજકોટ : રામેશ્વર મહાદેવ મંદિરમાં શ્રાવણ માસમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

રાજકોટ તા.૭

રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ, જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા સત્સંગ મંડળ અને મંદિરના સંચાલક મંડળના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૯ મી ઓગસ્ટ સોમવારથી આખો શ્રાવણ માસ રામેશ્વર મહાદેવ મંદિરમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે. પરોઢથી રાત સુધી મંદિરમાં શિવપૂજા—અર્ચન, રૂદ્રાભિષેક, મહાઆરતી, દિપમાલા અને સત્સંગ મંડળે ભજન—ધૂનનું આયોજન કર્યુંછે. શ્રદ્ધાળુઓને સમજાવી શિવને પ્રતિક દૂધ ચડાવી વધેલું દૂધ એકઠું કરી બપોરે દૂધ જરૂરીયાતમંદને આપવામાં આવશે. દૂધનો બગાડ કરવામાં આવશે નહિ. મંદિરમાં કોઈપણ જાતના ફંડફાળા કરવામાં આવતા નથી. દૂધના સળંગ અભિષેક માટે પાબંદી કરવામાં આવી છે. દરરોજ બપોરે એક સુધી જ અભિષેક, જલાભિષેક, રૂદ્રી, પૂજા—પાઠ વગેરે સમય નક્કી કરવામાં આવ્યો છે. શ્રાવણ માસની તૈયારીમાં ઉપપ્રમુખ તેજસ ચોકસી, મુકેશભાઈ પોપટ, વિનોદરાય ભટ્ટ, નવીનભાઈ પુરોહિત, વિનુભાઈ ઉપાધ્યાય, પાર્થ ગોહેલ, ભરતભાઈ, મહેતા, જેન્તીભાઈ જાની, એલ.ડી. દવે, ગોવિંદભાઈ ગોહેલ, નયનેશ ભટ્ટ, રાજુભાઈ દોમડીયા, હસુભાઈ મોડેસરા, વિજયભાઈ જોબનપુત્રા, રાજેશ વઢવાણા, શૈલેષભાઈ પુજારા, પંકજ મહેતા, અંકલેશ ગોહિલ, હસમુખભાઈ ગોહેલ તથા મહિલા મંડળના યોગીતાબેન જોબનપુત્રા, શોભનાબેન ભાણવડિયા, જયોતિબેન પુજારા, અલ્કાબેન પંડયા, ગુણીબેન જાની, સગુણાબેન વિઠ્ઠલાણી, ભારતીબેન ગંગદેવ, ભદ્રાબેન ગોહેલ, પ્રફુલ્લાબેન બોરીચા, વાસંતીબેન ત્રિવેદી, સુનિતાબેન વ્યાસ, આશાબેન મજેઠીયા, હંસાબેન ચુડાસમા, હર્ષાદિબેન શુકલ, નયનાબેન ઉપાધ્યાય, જયાબેન શાપરીયા, ગીતાબેન મકવાણા, વર્ષાબેન ભટ્ટ, કૃપાબેન ભટ્ટ, ક્રિશ્નાબેન પંડયા, હર્ષાબેન વકીલ, ભારતીબેન ગંગદેવ, ઉર્મિલાબેન ગોહેલ, કાશ્મીરાબેન દવે, હંસાબેન અનેક મહિલા મંડળ સદસ્યો કામગીરી કરી રહ્યાં છે. મંદિરે અભિષેક માટે સવારે ૫ થી બપોરના ૧ સુધીનો પૂજા માટે સમય નક્કી કર્યો છે તેમ સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ અને વિનોદરાય ભટ્ટની યાદીમાં જણાવાયું છે.



# જૂનાગઢમાં મેગા બલડ ડોનેશન કેમ્પનું આયોજન

(સોહેલ સિદીકી દ્વારા)

જૂનાગઢ તા. ૭

જૂનાગઢ શહેરમાં શહીદે કરબલા હઝરત ઈમામ હુસૈન અને તેમના ૭૨ શહીદોની યાદમાં એક મેગા રકતદાન કેમ્પનું તા.૧૫-૮-૨૧ ને રવિવારના રોજ સવારે ૧૧થી સાંજના ૬ વાગ્યા સુધી સ્પોર્ટ સંકુલ, જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં એકત્રીત કરવામાં આવેલ રકતને જરૂરીયાતમંદ બિમાર લોકો તથા થેલેસેમીયાગ્રસ્ત બાળકો માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ કેમ્પમાં ભાગ લેવા માટે મોબાઈલ નં.૯૮૯૮૨-૩૨૪૩૨/ ૯૦૯૯૯ ૯૩૦૦૧ તથા ૮૨૬૪૦૬૪૦૪૮ ઉપર સંપર્ક કરવા આયોજક રાજુભાઈ સાંધ તથા અશરફભાઈ હાલાની યાદીમાં જણાવાયું છે.

# સોમવારથી શ્રાવણ મહિનાનો પ્રારંભ

તા.૯-૮-૨૧ શ્રાવણ સુદ એકમ ને સોમવારથી શ્રાવણ મહિનાનો પ્રારંભ થશે. શ્રાવણ મહિનામાં શિવજીની ભક્તિ તથા વિષ્ણુ ભગવાનની ભક્તિ કરવાથી મોટામાં મોટા દુ:ખ મટી ઉગરી જવાય છે.

શિવજી નિરાકાર હોવાથી શિવજીની પૂજા કરવામાં આવે છે. જાણો શિવજીની પૂજા કરવામાં ત્રણેય દેવતાની પૂજા આવી જાય છે.

શિવલીંગની પૂજા કરવાથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ત્રણેય દેવતાની પૂજાનું ફળ મળે છે. કારણ શિવલીંગના ત્રણ ભાગ છે તે શ્લોક પણ આ પ્રમાણે છે. 'મલ તો બ્રહ્મ રૂપાય, મધ્યતો વિષ્ણુ રૂપિણે અગ્રત શિવ રૂપાય' આમ શિવલીંગના ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. એટલે કે સૌથી નીચેનો ભાગ બ્રહ્મા મધ્યમાં વિષ્ણુ અને સૌથી ઉપર શિવજીનો વાસ શિવલીંગમાં છે. આવી રીતે શિવલીંગની ઉપાસના કરવાથી ત્રણેય દેવતાની પૂજા થઈ જાય છે.

શિવલીંગ ઉપર અભિષેક કરવાથી અનેક જાતની મુસીબતો દુર થાય છે.

- ૐ નમ:શિવાયના જપ કરી જળ ચડાવવાથી શરીરના બધા જ વિકારો નાશ પામે છે.
- સાકરવાળું પાણી ચડાવવાથી નબળી આર્થિકસ્થિતીમાંથી મુકત થવાય છે.
- કેશરવાળું જળ ચડાવવાથી માન-સન્માન મળે છે.
- દુધ ચડાવવાથી આરોગ્ય સારૂ રહે છે.
- મધ ચડાવવાથી જીવનમાં શાંતિ મળે છે
- ભાંગ ચડાવવાથી વિચારો શુધ્ધ થાય છે.
- શેરડીના રસાથી અભિષેક કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.
- શત્રુ દુર કરવા માટે સરસવના તેલથી અભિષેક કરવો.
- કાળા તલ ચડાવવાથી શનિ, રાહુ ગ્રહની પીડા દુર થાય છે.
- સંતાન પ્રાપ્તિ માટે ચોખાથી અભિષેક કરવો.

શ્રાવણ મહિનાના ચારેય સોમવારે આ એક મુઠ્ઠી ધાન્ય ચડાવવાથી જીવનની આધિ, વ્યાધિ અને ઉપાધિ નાશ પામે છે. આને શિવ મુષ્ઠિ કહેવામાં આવે છે. એટલે કે શિવલીંગ ઉપર એક મુઠ્ઠી ધાન્ય ચડાવવું.

- તા. ૯-૮-૨૧ ને સોમવારે એક મુઠ્ઠી ચોખા ચડાવવા.
- તા.૧૬-૮-૨૧ બીજા સોમવારે એક મુઠ્ઠી કાળા તલ ચડાવવા.
- તા. ૨૩-૮-૨૧ ને ત્રીજા સોમવારે એક મુઠ્ઠી મગ ચડાવવા.
- તા.૩૦-૮-૨૧ ને ચોથા સોમવારે એક મુઠ્ઠી જવ ચડાવવા.
- તા.૬-૮-૨૧ ને પાંચમાં સોમવારે સત્તુ એટલે કે ચણા અને જવ એક મુઠ્ઠી ચડાવવા.

આમ પાંચ સોમવાર એક મુઠ્ઠી ધાન્ય ચડાવવાથી જીવનની બધી જ મુસીબતો દુર થાય છે.

-શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

# માંગરોળના રહીજ ગામે ૧૦૦ ટકા રસીકરણ થયું

## મહિલા સરપંચ, ગ્રામપંચાયતના હોદ્દેદારો અને આરોગ્ય વિભાગની ટીમની જહેમત રંગ લાવી



માંગરોળ તા.૭

કોરોનાની બીજી લહેરમાં અનુભવાયેલી મુશ્કેલીઓ ઉપરથી ત્રીજી લહેરના કહેરથી બચવાં માટે ફકત એક જ ઉપાય છે તે ૧૦૦% વેક્સીનેશન. પોતાના ગામના લોકોને કોરોના અને રસીકરણ બાબતે જાગૃત કરવાની નેમ સાથે રહીજ ગામના મહિલા સરપંચ અનિલાબેન રામ અને ઉપ સરપંચ પ્રતાપસિંહ ચુડાસમાની ટીમ દ્વારા ગામમાં આવનારી ત્રીજી લહેર સામે લડવા માટે વેકસીનેસન જ એક ઉપાય હોવાનું ગામ લોકોને જણાવી ગામના તમામ લોકો વેકસીન અપાવે તેમાટે પ્રયત્ન કરતા આરોગ્ય કર્મચારીઓની મદદથી માંગરોળ તાલુકાના રહીજ ગામમાં સંપૂર્ણ ગ્રામજનોએ વેકસીન લેતા ૧૦૦% વેકસીનેશન કરનાર જૂનાગઢ જિલ્લાનું અવ્વલ નંબરનું ગામ બન્યું છે. ત્યારે ગુજરાત અને ભારતમાં કોરોનાની સંભવિત ત્રીજી લહેરને રોકવા માટે અન્ય ગ્રામપંચાયતો માટે એક ઉત્તમ નમૂનો રહીજ ગ્રામપંચાયત દ્વારા ઉદાહરણ પૂરૂ પડ્યું છે. આ ઝુંબેશમાં ગ્રામપંચાયતના સભ્યો, યુવાનો અને આરોગ્યવિભાગ હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર રહીજના CHO- હેતલબેન ડોડીયા, ભાનુબેન નંદાણીયા, હિરેન રામ, મનીષાબેન, રીટાબેન, ભીનીબેન સહીતના કર્મચારીઓએ જહેમત ઉઠાવીને જૂનાગઢ જિલ્લામાં એક ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. જો દેશનું દરેક ગામ આ રીતે જાગૃતી લાવી વેક્સીનેશન કરાવે તો ચોક્કસ કોરોનાની સંભવિત અસરો અટકાવી તેને મ્હાત આપી શકાય.

# રાજય સરકાર દ્વારા ગણેશોત્સવ-દશામાંનાં વ્રતમાં 'પ્રતિબંધો' મૂકયાં

અમદાવાદ તા.૭

વ્રતો અને તહેવારોનો મહિનો શરૂ થયો છે ત્યારે દશામા અને ગણેશ ઉત્સવ ઉજવાયા પછી પ્રતિમાઓનું નદીમાં વિસર્જન નહીં કરી શકાય. લોકોએ પ્રતિમાનું સ્થાપન કર્યું હોય તેનું વિસર્જન ઘરે જ કરવાનું રહેશે. પ્રતિમાના વિસર્જન માટે સભા-સરઘસ યોજવા ઉપર પ્રતિબંધ મુકાયો છે. પોલીસ કમિશ્નરે જાહેર કરેલા જાહેરનામા અનુસાર, આગામી તા. ૮થી દશામા વ્રતન શરૂ થશે. આ દિવસે દશામાની મૂર્તિઓની સ્થાપના થશે અને તા. ૧૭ ઓગષ્ટે વ્રત પૂર્ણ થશે. વ્રત પૂર્ણ થતાં મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. છેલ્લા કેટલા વર્ષોથી દશામાની મૂર્તિઓનું સાબરમતી નદીના ઓવારાઓ ઉપર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેસન દ્વારા બનાવવામાં આવેલા કૃત્રિમ કુંડોમાં વિસર્જન કરવામાં આવતું હતું. પરંતુ, કોવિડ-૧૯ સંક્રમણના કારણે ગત વર્ષની જેમ આ વર્ષે પણ વિસર્જન માટે કૃત્રિમ કુંડો બનાવવા સહિતની કોઈપણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે નહીં. કોરોનાની સ્થિતી વચ્ચે રાત્રિ કરફ્યૂ અમલમાં છે અને આવશ્યક સેવા સિવાયની પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ મુકવામાં આવેલા છે. આ વર્ષે પણ શ્રધૃધાળુઓએ દશામાની મૂર્તિની સ્થાપના ઘરમાં કરવાની રહેશે અને વિસર્જન પણ પોતાના ઘરે જ કરવું જરૂરી છે. કોઈપણ વ્યક્તિ કે સમુહ દશામાની મૂર્તિ વિસર્જન માટે સરઘસ કે શોભાયાત્રા ન કાઢે તથા પોતાના ઘરમાં જ દશામાની મૂર્તિનું સન્માનપૂર્વક વિસર્જન કરે તેવી અપીલ પોલીસે કરી છે.

# 5 વર્ષ આપણી સરકારના



## સૌના સાથથી, સૌના વિકાસના

### વિકાસ દિવસ

## આધુનિક ગુજરાત, વિશ્વસ્તરીય વિકાસ



### રિન્યુએબલ એનર્જીનું હબ ગુજરાત

- વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક માંડવી ખાતે ગુજરાતમાં
- દેશમાં ઈન્સ્ટોલ થયેલા કુલ સોલાર રૂફટોપમાં ૯૦% ઈન્સ્ટોલેશન સાથે નંબર ૧ ગુજરાત, ૨.૯૬ લાખ લોકોએ લગાવી સોલાર રૂફટોપ સિસ્ટમ,જે ૧૦૦૦ MW વીજળીનું ઉત્પાદન કરે છે
- ગુજરાતમાં અત્યારે ૧૩,૦૦૦ MW રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન થઈ રહ્યું છે. ૨૦૨૫ સુધીમાં તેને ૪૧,૦૦૦ MW કરવામાં આવશે



### સતત છેલ્લા ૪ વર્ષથી સૌથી વધુ વિદેશી રોકાણ ગુજરાતમાં

- રાજ્યમાં 30 લાખ MSME કાર્યરત, જેમાં મળી રહ્યો છે ૧.૫૦ કરોડ લોકોને રોજગાર
- MSMEમાં પહેલા પ્રોડક્શન પછી પરમિશનની નીતિ
- કોરોનાની મહામારી હોવા છતાં એપ્રિલ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ દરમિયાન ભારતમાં આવેલા કુલ FDI માંથી ૩૭% એટલે ૧.૬૨ લાખ કરોડ ગુજરાતમાં આવ્યું



### ગિફ્ટ સિટી

- ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓનું કેન્દ્ર (IFSC) ગિફ્ટ સિટી ખાતે કાર્યરત
- ભારતના મોડલ સ્માર્ટ સિટી તરીકેની ઓળખ પ્રાપ્ત કરનાર પહેલુ સ્માર્ટ સિટી
- ભારતનું પહેલું આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જ ગિફ્ટ સિટી ખાતે કાર્યરત

## વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતમાં



દુનિયાની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે



દુનિયાનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ગુજરાતમાં



વિશ્વનું સૌથી મોટું કોમર્શિયલ કોમ્પ્લેક્ષ ડાયમંડ બુર્સ સુરતમાં



૧૨૧ એકરથી વધુ વિસ્તારમાં કાર્યરત સિવિલ હોસ્પિટલ થી લઈને સુપર હોસ્પિટલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલોનું સંકુલઃ મેડીસિટી હોસ્પિટલ




દુનિયાનું મેન્યુફેકચરીંગ હબ બનવાની દિશામાં ગુજરાતનો પ્રયાસ

- અમદાવાદ અને સુરત ખાતે મેટ્રોનું નિર્માણ
- રાજ્યમાં ૭૦ માળ સુધીની ગગનચૂંબી ઈમારતોના નિર્માણને મંજૂરી
- છેલ્લા ૫ વર્ષમાં ૫૦૦થી વધુ ઓવરબ્રિજનું નિર્માણ
- છેલ્લા ૫ વર્ષમાં ૪૨૫ TP સ્કીમોને મંજૂરી આપી
- દેશમાં સ્વચ્છતામાં ટોપ ૧૦ શહેરોમાં ગુજરાતના ૪ શહેરો
- ઈઝ ઓફ લિવિંગમાં ગુજરાતના ૩ શહેરો ટોપ-૧૦ માં
- સ્માર્ટ સિટીમાં સુરત નંબર ૧
- હાઈસ્પીડ ઓપ્ટિકલ ફાઈબર દ્વારા ગુજરાતના ૧૦,૦૦૦ ગામોને બ્રોડબેન્ડ કનેક્ટીવિટીથી જોડવામાં આવ્યા

**શ્રી અમિતભાઈ શાહ** સાંસદ, ગાંધીનગર લોકસભા તેમજ કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી, ભારત સરકારના વરદ્ હસ્તે તેમજ **મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી** અને **શ્રી નીતિન ગડકરી** કેન્દ્રિય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીની ઉપસ્થિતિમાં મા.મ. વિભાગના રૂ.૧૬૫૦ કરોડના કુલ કામો સહિત વિવિધ વિભાગોના કુલ રૂ.૫૩૦૦ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ તેમજ ખાતમુહૂર્તના કાર્યક્રમ તેમજ વતન પ્રેમ યોજનાના પોર્ટલનો શુભારંભ

### વિશેષ ઉપસ્થિતિ

**શ્રી નીતિનભાઈ પટેલ**, નાયબ મુખ્યમંત્રી

**શ્રી સી.આર. પાટીલ**, સંસદ સભ્ય

તા.: ૦૭-૦૮-૨૦૨૧, સવારે ૧૦:૦૦ કલાકે, સ્થળઃ મહાત્મા મંદિર, ગાંધીનગર

આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શ્રેષ્ઠ ઔદ્યોગિક પોલિસી, ઓનલાઈન ગવર્નન્સ અને કૃષિ ઉત્પાદનમાં અગ્રેસર રહી છેવાડાના માનવીનો વિકાસ કરી ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. આપણને સૌને ગૌરવ છે. **–શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

# મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં જૂનાગઢ ખાતે સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી માટે જૂનાગઢ જીલ્લા પોલીસ તંત્ર સજ્જ

## ડીઆઈજી મનીંદર પ્રતાપસિંહ પવાર, જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી, ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાનાં માર્ગદર્શન હેઠળ તૈયારીઓ



જૂનાગઢ તા.૭

આગામી ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિનની રાજ્ય કક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે મુખ્યમંત્રીની હાજરીમાં ઉજવનાર હોય, મુખ્યમંત્રીના કાર્યક્રમને લઈને, જૂનાગઢ રેંજના ડીઆઈજી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ શહેર અને જિલ્લાની પોલોસને સતર્ક કરી, આગોતરૂ આયોજન કરી, કાર્યવાહી આરંભી દેવામાં આવેલ છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ શહેર અને જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓને અવાર નવાર શહેર વિસ્તારના જુદા જુદા પોઈન્ટ ઉપર વાહન ચેકીંગ હાથ ધરવા, હોટલ ધાબા ચેક કરવા, અવાવરૂ જગ્યાઓ ચેક કરવા, પ્રોહીબિશન અને જુગારના બુટલેગરોને ચેક કરવા તેમજ કોરોના ગાઈડલાઈન્સનું પાલન કરાવવા, માસ્ક, જાહેરનામા ભંગ વિગેરે કેસો કરવા ખાસ સૂચનાઓ કરી, ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ તેમજ પેરોલ ફર્લો સ્ક્વોડ સહિતની ટીમો પણ ખાસ તૈનાત કરી, કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.એમ.વાઢેર, બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એન.આઈ.રાઠોડ, સી ડિવિઝનના પીએસઆઇ જે.જે.ગઢવી, તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ પી.વી.ધોકડીયા તથા સ્ટાફ દ્વારા અલગ અલગ ટીમો બનાવી, વાહન ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે. છેલ્લા પાંચેક દિવસમાં વાહન ચેકીંગ દરમ્યાન બ્લેક ફિલ્મ લગાડી ફરતા, નંબર પ્લેટ વિનાના વાહનો, લાયસન્સ વગરના વાહનો, ટીન એજરો દ્વારા કરવામાં આવતા ડ્રાઈવિંગ વિગેરે ચેકીંગ હાથ ધરી, કુલ આશરે ૧૫૦ વાહનચાલકો વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવેલ હતી. વાહન ચેકીંગની આ કાર્યવાહી દરમ્યાન આશરે ૬૦ વાહનો ડિટેઈન કરવામાં આવેલ હતા. ખાસ ઝુંબેશ અને વાહન ચેકીંગ દરમ્યાન છેલ્લા પાંચેક દિવસમાં કોરોના ગાઈડલાઈન્સનું ઉલ્લંઘન કરતા કુલ ૪૫ જેટલા આરોપીઓ વિરૂદ્ધ જાહેરનામા ભંગના કેસો કરી, આશરે ૩૫૦ જેટલા વ્યક્તિઓને માસ્ક પહેર્યા વગર ફરતા પકડી પાડી, કુલ રૂ.૩,૫૦,૦૦૦/-નો દંડ પણ ફટકારવામાં આવેલ છે. આ કાર્યવાહી દરમ્યાન દારૂ પીને વાહન ચલાવતા આરોપીઓને પણ પકડી પાડી, પ્રોહીબિશન અને જુગારના બુટલેગરોને ચેક કરી, ગુન્હાઓ પણ દાખલ કરવામાં આવેલ છે. ઉપરાંત, નાઈટ રાઉન્ડ દરમ્યાન પણ સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે. સ્વાતંત્ર્ય દિનની પરેડ અને વીઆઈપી મુવમેન્ટને ધ્યાને લઈ, જૂનાગઢ પોલીસ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીના કારણે ગુન્હેગારોમાં ફફડાટ ફેલાયો છે. આ કાર્યવાહી તેમજ સઘન ચેકીંગની ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલું રાખવામાં આવશે તેમ જૂનાગઢ પોલીસની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

# રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે આજથી જૂનાગઢ જિલ્લાકક્ષાએ ઉજવણી શરૂ

## ઝવેરચંદ મેઘાણી દ્વારા રચિત લોકગીત અને વકૃત્વ સ્પર્ધા યોજાશે : રાજ્યકક્ષાની સ્પર્ધા તારીખ ૨૩ ના રોજ યોજાશે

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય શાયરશ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચિત લોકગીત અને વક્તૃત્વ સ્પર્ધા તેમની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે આજ તારીખ ૭ ઓગસ્ટથી જિલ્લા કક્ષાએ યોજાઈ રહી છે. આ સ્પર્ધા તારીખ ૭/૮/૨૦૨૧ થી ૧૮/૮/૨૦૨૧ સુધી જિલ્લા કક્ષાએ યોજાનાર છે. તેમજ રાજ્ય કક્ષાની સ્પર્ધા તારીખ ૨૩/૮/૨૦૨૧ ના રોજ યોજાશે.

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીશ્રી કચેરીઓ દ્વારા સંયુક્ત કરાયેલ આ સ્પર્ધામાં બે જુદાજુદા વય જૂથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે જેમાં ૧૫ વર્ષથી ૩૫ વર્ષ સુધીના, ૩૫ વર્ષથી ઉપરના ઓપન વય જૂથમાં ભાગ લઈ શકશે.

જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂા. ૧૦૦૦, દ્વિતીય વિજેતાને રૂા. ૭૫૦ તેમજ તૃતીય ઈનામ વિજેતાને રૂા.૫૦૦ ઈનામ આપવામાં આવશે. ત્યારબાદ રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂા. ૨૫,૦૦૦, દ્વિતીય વિજેતાને રૂા.૧૫,૦૦૦ , તેમજ તૃતીય વિજેતાને રૂા. ૧૦,૦૦૦ એમ ત્રણ ઈનામો આપવામાં આવશે.

આ સ્પર્ધાના નિયમો અંગેની માહિતી માટે ફેસબુક ID Junagadhcity ઉપર જોઈ શકાશે તેમજ ઉક્ત સ્પર્ધાની વિડિયો ક્લિપ તૈયાર કરી તા. ૧૮/૮/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં પોતાના જિલ્લામાં આવેલ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીમાં મોકલવાનાં રહેશે.

# શ્રાવણ માસનાં પ્રારંભની સાથે તહેવારોની શ્રૃંખલા શરૂ થશે મીઠાઇ, કપડાં અને ઝવેરાત સહિતની બજારો ધમધમશે

## તહેવારો આવતા જ ધંધા-રોજગારને નવું બળ મળશે અને તેજીનાં દોર વચ્ચે ખુશહાલ વાતાવરણ સર્જાય તેવો આશાવાદ

જૂનાગઢ તા.૭

આગામી સોમવારથી ભગવાન ભોળાનાથ શિવજીની પૂજા-ભકિત માટેનાં પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે અને દેવાધીદેવ મહાદેવની ભકિતમાં ભાવિકો લીન બની જશે. આ સાથે જ છેલ્લા દોઢ વર્ષથી કોરોનાની કટોકટી વચ્ચે જનજીવન ઉપર જે અસર પડી હતી અને હવે જયારે ધંધા-રોજગાર અને જનજીવન થાળે પડી રહ્યું છે ત્યારે શ્રાવણ માસની શરૂઆત સાથે જ બજારોમાં પણ તેજીનો દોર જોવા મળશે. શ્રાવણ માસનાં તહેવારો ત્યારબાદ ગણપતિ ઉત્સવ અને બાદમાં નવરાત્રી, દિપાવલીનાં તહેવારો પણ શરૂ થવાના છે અને આ સમય વેપાર-ધંધાને માટે આર્શીવાદરૂપ બનશે. આગામી રક્ષાબંધનથી જ મીઠાઈ, કપડા અને ઝવેરાત સહિતની બજારો ધમધમી ઉઠશે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં રક્ષાબંધનના તહેવાર બાદ દિવાળીના તહેવારોની મોસમ આવી જશે અને આ પરિસ્થિતિમાં નાના-મોટા વેપારીઓ અને છૂટક ધંધો કરનારાઓને ઘરાકીની આશા બંધાઈ છે. કોરોનાની ત્રીજી લહેર ભલે આવે ગુજરાતીઓ પોતપોતાની રીતે તહેવાર ઉજવવાના છે. તાજેતરમાં દુધના ભાવમાં ઓચિંતો વધારો આવતા આગામી તહેવારોમાં દુધની બનતી સ્વીટસમાં કિલોએ ૧૦ થી ૧૫ ટકા ભાવ વધારો થશે તેવું વેપારીઓએ જણાવેલ છે. વધુમાં દિવાળીમાં ગિફટ પેકેજીસમાં કાજુકતરી ૯૦૦થી ૧૦૦૦ના કિલોના ભાવે જાય છે. આ ઉપરાંત મોહનથાળ ૭૦૦-૮૦૦ કિલોના ભાવે દિવાળીમાં ૧૯૦૦થી ૨૦૦૦ કિલો કે તેથી વધુ મોટા ઓર્ડરો સ્વીટનાં વેપારીઓને મળતા હોય છે. જયારે દિવાળીમાં સોનું અને અન્ય ઝવેરાતમાં પણ મોટી ઘરાકી નીકળવાનું મોટા શો રૂમના માલિકોની ગણત્રી છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રનાં સોના-ચાંદીનાં દાગીનાનાં શોરૂમ ધરાવતા અગ્રણી-વેપારીઓનું કહેવું છે કે, લોકડાઉનમાં શોરૂમો બંધ રહ્યા પરંતુ છેલ્લા ચાર પાંચ મહિનામાં માર્કેટમાં સારી ઘરાકી નીકળી છે જે દિવાળીમાં પણ વધવાની જ છે. ગુજરાત જ નહીં પરંતુ અન્ય રાજયોમાં સારૂ ચોમાસુ છે તેથી ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા લોકોની ભારે ઘરાકી નીકળવાની આશા છે અને લેટેસ્ટ ડીઝાઈનના ડાયમંડ સેટસ શોરૂમમાં ગોઠવવા માંડયા છે અને આગામી દિવસોમાં આ બધા શોરૂમનો માલ આપોઆપ ઉપડી જવાનો છે. કારણ કે ગુજરાતમાં ધનતેરસ, ભાઈબીજમાં સોનાના જડતર અને ડાયમંડના સેટસ આપવાનો ક્રેઝ વધ્યો છે તે જોતા આ બજારોમાં તેજી રહેવાની જ છે અને તેની શરૂઆત રક્ષાબંધનથી થશે તે નક્કી છે. આ બજારો ઉપરાંત રેડીમેડ ફેબીકસ અને કપડામાં પણ હંમેશ મુજબ સારી ઘરાકી નીકળશે એવું મનાય છે.

# કોરોનાના લીધે લાંબા સમયથી બંધ સોમનાથ-રાજકોટ લોકલ અને દેલવાડા-વેરાવળ મીટરગેજ ટ્રેન તા.૧૬ મીથી દોડશે

## બંને ટ્રેનો શરૂ કરવા લાંબા સમયથી લોકો-સંસ્થાઓ માંગણી કરી રહયા હતા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૭

કોરોના મહામારીના કારણે લાંબા સમયથી બંધ થયેલી ટ્રેનો પૈકી યાત્રીકોની માંગણી અને સુવિધાને ધ્યાનમાં રાખી આગામી તા.૧૬ ઓગસ્ટથી રાજકોટ-સોમનાથ-રાજકોટ દૈનિક લોકલ ટ્રેન તથા દેલવાડા-વેરાવળ-દેલવાડા દૈનિક મીટર ગેજ ટ્રેનો શરૂ થનાર છે.

આ અંગે રેલ્વે વાણીજય મંડળના માશૂક અહમદ દ્વારા જણાવેલ કે, આગામી તા.૧૬ ઓગસ્ટથી યાત્રીકોની સુવિધાને ધ્યાનમાં રાખી બે ટ્રેનો શરૂ કરવામાં આવી રહી છે. જેમાં પ્રથમ ટ્રેન રાજકોટ-સોમનાથ-રાજકોટ સ્પેશીયલ દૈનિક લોકલ જે ટ્રેન રાજકોટથી દરરોજ સાંજે ૬-૦૬ કલાકે ઉપડશે અને રાત્રે ૧૧-૨૫ કલાકે સોમનાથ પહોંચશે તેમજ દરરોજ સોમનાથથી વહેલી સવારે ૪-૩૫ કલાકે ઉપડશે અને રાજકોટ ૯-૪૫ કલાકે પહોંચનાર છે. આ વિશેષ ટ્રેન તા.૧૭ ઓગસ્ટથી આગળની સૂચના સુધી દોડશે.

આ ઉપરાંત દેલવાડા-વેરાવળ-દેલવાડા દૈનિક વિશેષ (મીટર ગેજ ટ્રેન) ટ્રેન દરરોજ સવારે ૮-૧૫ કલાકે દેલવાડાથી ઉપડશે તે ૧૧-૧૫ કલાકે વેરાવળ પહોંચશે. આ ટ્રેન વેરાવળથી દરરોજ બપોરે ૩-૪૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે સાંજે ૬-૫૫ કલાકે દેલવાડા પહોંચનાર છે. ઉપરોક્ત બંને વિશેષ ટ્રેનો તા.૧૬ ઓગસ્ટથી આગળની સૂચના સુધી ચાલનાર છે. આ ટ્રેનોની વધુ માહિતી માટે યાત્રીકોએ વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા અનુરોધ કરેલ છે.

# શ્રાવણ માસમાં વેરાવળ-સોમનાથમાં જાહેરમાં નોનવેજ પીરસતા રેસ્ટોરન્ટો-રેકડીઓ બંધ કરાવવા વિહિપની માંગણી

## સોમનાથ મંદિર પહોંચવાના તમામ માર્ગો ઉપર નોનવેજ વેંચાતુ હોવાથી યાત્રાળુઓની લાગણી દુભાતી હોવાની વિહિપની રજૂઆત

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૭

પવિત્ર શ્રાવણ માસમાં યાત્રાધામ નગરી વેરાવળ-સોમનાથમાં જાહેરમાર્ગો અને રેલ્વે-બસ સ્ટેશન વિસ્તારોમાં નોનવેજ પીરસતી રેકડીઓ અને રેસ્ટોરન્ટો બંધ કરાવવા અંગે ગીર સોમનાથ જીલ્લા વિશ્વહિન્દુ પરીષદ દ્વારા ગીર સોમનાથ જીલ્લા કલેકટર સહીતનાને લેખીત રજૂઆત કરી માંગણી કરી છે. આ માંગણીનો અમલ નહીં થાય તો કલેકટર કચેરી સમક્ષ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

આ અંગે ગીર-સોમનાથ જીલ્લા વિશ્વ હિન્દુ પરીષદના ગોવિંદભાઈ ભાનુશાળી દ્વારા ગીર સોમનાથ જીલ્લા કલેકટર, ડે. કલેકટર, એસ.પી., ચીફ ઓફીસર સહીતનાને કરેલી લેખીત રજૂઆતમાં જણાવેલ કે, આગામી દિવસોમાં હિન્દુઓનો પવિત્ર શ્રાવણ માસ શરૂ થઈ રહેલ છે. ત્યારે દેશ-વિદેશથી મોટી સંખ્યામાં લોકો સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવે છે. જેમાં મોટાભાગના લોકો રેલ્વે સ્ટેશન તથા બસ સ્ટેશન તેમજ યાત્રાધામ નગરીમાં પ્રવેશવાના મુખ્ય વેરાવળ-સોમનાથ રાજમાર્ગ ઉપર તથા બાયપાસ હાઈવે ઉપરથી સોમનાથ જતા હોય છે. ત્યારે વેરાવળ શહેરમાં બજાજના શોરૂમથી લઈ કે.કે. મોરી સ્કૂલ તથા ટાવર ચોકથી લાબેલા સુધીના રસ્તા ઉપર તેમજ ભીડીયા સર્કલથી સોમનાથના સંખ સર્કલ સુધીના વિસ્તારો તથા જાહેરમાર્ગો ઉપર નોનવેજ ખોરાક પીરસતા રેસ્ટોરન્ટો અને રેકડીઓ ધમધમે છે ત્યારે બહારગામથી આવતા યાત્રાળુઓ તથા વેરાવળથી તેમજા આસપાસના ગ્રામ્ય વિસ્તારો અને શહેરમાંથી પગપાળા સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવતા પદયાત્રીકો ઉપરોકત જણાવેલ મુખ્ય જાહેર માર્ગો ઉપરથી જતા હોય છે ત્યારે રસ્તામાં રેકડીઓમાં જાહેરમાં માસ-મટન લટકતું હોવાથી યાત્રાળુઓની ધાર્મીક લાગણી દુભાવવાની સાથે આસ્થાને ઠેસ પહોંચે છે. જેથી પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન ઉપરોકત જણાવેલ મુખ્ય માર્ગો અને વિસ્તારમાં ધમધમતી નોનવેજ પીરસતી રેકડીઓ-રેસ્ટોરન્ટ બંધ કરાવવા માંગણી છે. અને જો ત્રણ દિવસની અંદર આ મામલે કાર્યવાહી નહીં કરવામાં આવે તો ગીર સોમનાથ જીલ્લા કલેકટર કચેરી સામે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી અંતમાં ઉચ્ચારેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...



નારાયણભાઈ ભેળવાળા

તળાવ દરવાજા રોડ, જૂનાગઢ

